RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર


MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 222, Dt.06-12-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોન મોંઘી નહીં થાય અને EMI પણ નહીં વધે:RBI

## રેપોરેટ છ ટકા જ રહેશે : ફુગાવો ૪.૮% સુધી નીચે જવાનો આશાવાદ પણ હાલ તો ઉંચો જ રહેશે : વિકાસદર લક્ષ્યાંક ૭.૨%માંથી ઘટાડી ૬.૬% કર્યો : મોનેટરી કમીટીનો ૪:૨ ની બહુમતીથી નિર્ણયઃ બેન્કોને ધિરાણ માટે વધુ રકમ મળે તે હેતુથી કેશ રિઝર્વ રેશિયો ૫૦ બેઝીક પોઈન્ટ ઘટાડયોઃ સિસ્ટમમાં રૂા.૧.૧૬ લાખ કરોડની વધુ રોકડ આવશે



**મુખ્ય સમાચાર,મુંબઈ**

દેશમાં ફુગાવા અને વિકાસ વચ્ચે સેન્ડવીચ જેવી હાલતમાં ફસાઈ ગયેલી રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની ધિરાણનીતિમાં ફરી એક વખત આરબીઆઈએ હજું ફુગાવો વધશે તેવી ચિંતા સાથે રેપોરેટ ૬.૫%નો યથાવત રાખીને દેશમાં ઉંચા વ્યાજદરની સ્થિતિ હજું બે-ત્રણ કવાટર સુધી જળવાઈ જ રહેશે તે સંકેત આપી દીધા છે. ત્રણ દિવસની આરબીઆઈની મોનેટરી કમીટીની બેઠકના અંતે આજે રીઝર્વ બેન્કના વડા શક્તિકાંતા દાસે જણાવ્યું હતું કે ખાદ્ય ફુગાવો હજુ પણ ચિંતા છે.

વિકાસદરને લાગેલી બ્રેક પણ રીઝર્વ બેન્કને માટે પ્રશ્ન છે પણ વધુ બે માસ માટે રેપોરેટ ૬.૫% જ રહેશે. વિકાસ ભણી આરબીઆઈ જઈ રહી છે તે દર્શાવવા બેન્કો માટેના કેશ રિઝર્વ રેશિયો કે જે બેન્કોએ તેમની લઘુતમ રોકડ જાળવવાનો માપદંડ છે તેમાં ૫૦ બેઝીક પોઈન્ટનો ઘટાડો કરી ૪% કર્યો છે જેના કારણે બેન્કોને ધિરાણ માટે વધુ નાણા મળી રહેશે અને સીસ્ટમમાં રૂા.૧.૧૬ લાખ કરોડ ઉમેરાશે.

આરબીઆઈની મોનેટરી કમીટીએ ૪:૨ની બહુમતીથી આજના નિર્ણયો લીધા હતા. બેન્કે ફોરેન કરન્સી નોન રેસીડેન્સ ઈન્ડિયન માટેની બેન્ક થાપણના વ્યાજદર પરની મર્યાદા દુર કરી છે જેના કારણે ડોલર સહિતના ચલણો ભારતમાં આવશે અને રૂપિયા પરનું દબાણ ઘટશે તેમ મનાય છે. આરબીઆઈએ આ ઉપરાંત અનકલેઈમ ડિપોઝીટ માટે પણ હવે નવુ મીકેનીઝમ અપનાવવા નિર્ણય લીધો છે.

તો બીજી તરફ ફરી એક વખત બેન્કોના એનપીએમાં જે વધારો થઈ રહ્યો છે અને ખાસ કરીને અનસિકયોર્ડ લોન વધી રહી છે તે માટે આરબીઆઈનું સુપરવિઝન વધારવા નિર્ણય લીધો છે. જયારે બેન્કે ફુગાવાનો લક્ષ્યાંક ૪.૮% રાખ્યો છે જયારે વિકાસદરનો લક્ષ્યાંક ઘટાડીને ૭.૨%માંથી ૬.૬% કર્યો છે. આમ ૧૧મી વખત આરબીઆઈએ કોઈ જોખમ લીધુ નથી.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીએ તેની ત્રણ દિવસીય બેઠકમાં ફરી એકવાર રેપો રેટને ૬.૫% પર જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે આ નિર્ણય ખ઼ઙઈ સભ્યો દ્વારા ૪:૨ની બહુમતીથી લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું છે કે આરબીઆઈની નીતિઓની અસર લોકોના જીવન પર પડે છે. આરબીઆઈનું પહેલું કામ મોંઘવારી પર નિયંત્રણ રાખવાનું છે.

છ઼ઈ ગવર્નર શક્તિકાંત દાસના જણાવ્યા અનુસાર, મોનેટરી પોલિસી કમિટી (ખ઼ઙઈ) એ ૪-૨ બહુમતી સાથે વ્યાજ દર ૬.૫% પર યથાવત રાખવાનો નિર્ણય કર્યો, જ્યારે જઉ઼ઋ દર ૬.૨૫% અને ખજ઼ઋ દર ૬.૭૫% પર યથાવત છે. મધ્યસ્થ બેંકનું વલણ તટસ્થ રહે છે. ખ઼ઙઈ સર્વસંમતિથી આ તટસ્થ નીતિ વલણ જાળવવા માટે સંમત થયું હતું, જે વર્તમાન આર્થિક પરિસ્થિતિઓ પ્રત્યે સાવચેતીભર્યું અભિગમ દર્શાવે છે. રિઝર્વ બેંકે વ્યાજદરો યથાવત રાખતા હોમ સહિતની લોનના હપ્તા હાલ ઘટશે નહિ. રિઝર્વ બેંકે જીડીપી ૬.૬% તથા ફુગાવો ૪.૮ ટકા રહેશે તેવું અનુમાન જાહેર કર્યુ છે.

# હિન્દુ સેનાએ એએસઆઈને પત્ર લખી દિલ્હીની જામા મસ્જિદનો સર્વે કરાવવાની માંગ કરી

## હિન્દુ સંગઠને પત્રમાં લખ્યું કે, મસ્જિદની સીડીઓમાં સેંકડો મંદિરોનાં અવશેષો અને મૂર્તિઓ દટાયેલી છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હિન્દુ સેનાએ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના મહાનિર્દેશકને પત્ર લખીને દિલ્હી સ્થિત જામા મસ્જિદના સર્વેની માંગ કરી છે. એવું કહેવાય છે કે ઔરંગઝેબે જોધપુર અને ઉદયપુરના કૃષ્ણ મંદિરો તોડી નાખ્યાં હતાં અને દિલ્હીમાં જામા મસ્જિદની સીડીઓમાં તે મૂર્તિઓ દાટી દીધી હતી.એએસઆઈ ડાયરેક્ટરને પત્ર હિંદુ સેનાના પ્રમુખ વિષ્ણુ ગુપ્તાએ લખ્યો છે. આ પહેલાં હિંદુ સેના પ્રમુખે રાજસ્થાનનાં અજમેરમાં મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહને મંદિર ગણાવવાની અરજી કોર્ટમાં કરી હતી. અરજી સ્વીકારીને કોર્ટે કેન્દ્રીય લઘુમતી મંત્રાલય, એએસઆઈ અને દરગાહ સમિતિને નોટિસ આપીને ૨૦ ડિસેમ્બર સુધીમાં જવાબ માંગ્યો છે.

વિષ્ણુ ગુપ્તાએ પોતાનાં પત્રમાં લખ્યું છે કે, જોધપુર અને ઉદયપુરમાં સેંકડો મંદિરો તોડી પાડ્યાં બાદ ઔરંગઝેબે હિંદુઓને અપમાનિત કરવા માટે તેમનાં અવશેષો દિલ્હીમાં જામા મસ્જિદની સીડીઓમાં દાટી દીધાં હતાં. જામા મસ્જિદ એએસઆઈના નિયંત્રણ હેઠળ છે અને તેઓએ તેની પાછળનું સત્ય જાણવા માટે સર્વે કરવો જોઈએ. મસ્જિદોની સીડીઓ નીચે દટાયેલા મંદિરોનાં અવશેષોથી હિંદુઓની ભાવનાઓને ઠેસ પહોંચી છે. વિષ્ણુ ગુપ્તાએ કહ્યું કે, મસીર-એ-આલમગીરીમાં લખ્યું છે કે ૨૪-૨૫ મે ૧૬૮૯ ના દિવસે ખાન જહાં બહાદુર મંદિરોનો નાશ કરીને જોધપુરથી પાછો ફર્યો. ખાન જહાં બહાદુરે મંદિરોને લૂંટ્યા, મૂર્તિઓ તોડી અને પછી, તૂટેલી મૂર્તિઓના અવશેષો બળદ ગાડામાં દિલ્હી લઈ જવામાં આવ્યાં હતાં.

આનાથી ઔરંગઝેબ ખૂબ જ ખુશ હતો. વિષ્ણુ ગુપ્તાનું કહેવું છે કે હિંદુ સેના ઈચ્છે છે કે દિલ્હીની જામા મસ્જિદનો એએસઆઈ સર્વે કરવામાં આવે અને તે મૂર્તિઓને બહાર કાઢીને મંદિરોમાં ફરીથી સ્થાપિત કરવામાં આવે.

આ સર્વે દ્વારા ઔરંગઝેબની ક્રૂરતા અને મંદિરો તોડવાની સત્યતા પણ દુનિયા સામે આવશે. એએસઆઈના પ્રવકતા નંદિની ભટ્ટાચાર્ય સાહુએ કહ્યું કે સંગઠનને



ચોક્કસ પત્રવ્યવહાર અંગે કોઈ જાણકારી નથી.મસ્જિદ એએસઆઈના નિયંત્રણમાં છે અને તેમને આવા સ્થળોનો સર્વે કરીને સત્ય જાણવાનો અધિકાર છે. મસ્જિદની સીડીઓ નીચે મંદિરો અને મૂર્તિઓના અવશેષો છે. આનાથી અમારી ભાવનાઓને ઠેસ પહોંચી છે. સર્વે કરાવ્યા બાદ મૂર્તિઓને બહાર કાઢીને મંદિરોમાં પુનઃસ્થાપિત કરવામાં આવે અને ઔરંગઝેબનું સત્ય દુનિયા સમક્ષ ઉજાગર કરવામાં આવે.'

# અમેરિકાનાં નોર્થ કેરોલિનામાં ૭.૦ની તીવ્રતાના જોરદાર ભૂકંપથી અફડાતફડી મચી

**મુખ્ય સમાચાર,કેરોલિના**

અમરિકાના નોર્થ કેરોલિનામાં ગઈકાલે ૭.૦ ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવ્યો હતો. અમેરિકાના ઉત્તર કેરોલિનામાં ગુરુવારે એક ભયાનક ભૂકંપ બાદ અધિકારીઓએ પહેલા સુનામીનું એલર્ટ જાહેર કર્યું હતું.

જોકે થોડીવાર પછી રદ કર્યું હતું. અમેરિકન જિયોલોજિક સરવે અનુસાર આ ભૂકંપનો જોરદાર આંચકો સવારે ૧૦:૪૪ વાગ્યે ફેરડેલ અને જો ઓરેગન સરહદ નજીક હમ્બોલ્ટ કાઉન્ટીના એક નાનકડાં શહેરની પશ્ચિમે અનુભવાયો હતો.

માહિતી અનુસાર સાન ફ્રાન્સિસ્કો સુધી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકોએ જણાવ્યું કે આંચકા એટલા જોરદાર હતા કે તેઓ જાણે રીતસરના





હિંચકા પર ઝૂલતા હોય તેવું લાગ્યું હતું. જોકે તેના બાદ પણ એક પછી એક અનેક આંચકા અનુભવાયા. સાન ફ્રાન્સિસ્કો બે એરિયા રેપિડ ટ્રાન્ઝિટ ડિસ્ટ્રિક્ટ (ઈઅછ઼઼) એ સાન ફ્રાન્સિસ્કો અને ઓકલેન્ડ વચ્ચે પાણીની અંદરની ટનલ મારફતે થતી તમામ અવરજવરને અટકાવી હતી. યુએસ જિયોલોજિકલ સરવે અનુસાર ૭.૦ તીવ્રતાવાળા આ ભૂકંપ બાદ કેલિફોર્નિયામાં ઓછામાં ઓછા ૫.૩ મિલિયન લોકો સામે સુનામીનું જોખમ સર્જાયું હતું. જોકે પછીથી તેને લગતી ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી હતી. જ્યાં ભૂકંપ આવ્યો હતો તેનાથી લગભગ ૧.૩ મિલિયન લોકો રહે છે. આ તમામ લોકોએ ભયાનક ભૂકંપના આંચકા અનુભવ્યા હતા.


# PUSHPA 2 ની પ્રથમ દિવસે જ ૧૭૫ કરોડની કમાણી : RRR, બાહુબલી, જવાનને પાછળ છોડી દીધા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જેણે કહ્યું હતું કે, પુષ્પા ૨ ના તોફાનથી કોઈ બચી શકશે નહીં તે ૧૦૦ ટકા સાચું હતું. રાપા રાપાએ પહેલાં જ દિવસે બધાને હંફાવી દીધાં છે. ન તો જવાન, RRR કે ન બાહુબલી ૨', નપુષ્પા ૨થ સામે કોઈ ટકી શક્યું નહીં.

એક દિવસ પહેલાં સુધી તમામ ફિલ્મ નિર્માતાઓને એ વાતનો ડર હતો કે અમારી ફિલ્મનો રેકોર્ડ તૂટી શકે છે. એ ડર હવે સાકાર થયો છે. કારણ કે રેકોર્ડ્સ બનાવતાની સાથે જ તૂટી જવાનાં હોય છે.

અલ્લુ અર્જુનની પુષ્પા ૨ એ પહેલાં જ દિવસે શાનદાર પ્રદર્શન કર્યું છે. લાઈવ ટ્રેકર સકનિલ્કના રિપોર્ટ અનુસાર, ફિલ્મે પહેલાં દિવસે ભારતમાંથી ૧૭૫.૧ કરોડ રૂપિયાની કમાણી કરી છે. અલ્લુ અર્જુનની નપુષ્પા ૨થ એ તે બધાં રેકોર્ડ તોડી નાખ્યાં છે, તાજેતરમાં સકનિલ્કનો રિપોર્ટ સામે આવ્યો છે. આ હિસાબે ૫૦૦ કરોડનાં બજેટમાં બનેલી આ ફિલ્મે બોક્સ





ઓફિસ પર ૧૭૫.૧ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે.

પ્રથમ દિવસનાં આ સંગ્રહમાં પેઈડ પૂર્વાવલોકનનો પણ સમાવેશ થાય છે. વાસ્તવમાં, પિક્ચરે પેઈડ પ્રિવ્યૂઝથી ૧૦.૧ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે, જે તેલુગુ ભાષામાં કરવામાં આવ્યો હતો. પહેલાં દિવસે એટલે કે ૫ ડિસેમ્બરે ફિલ્મે કુલ ૧૬૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. પુષ્પા ૨ એ પહેલાં દિવસની કમાણી શાહરૂખ ખાનની જવાનને પાછળ છોડી છે. અલ્લુ અર્જુનની પુષ્પા ૨ હિન્દી સિનેમાની સૌથી મોટી ઓપનર બની છે. નપુષ્પા ૨થ એ તેનાં પહેલાં દિવસે હિન્દીમાં ૬૭ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે.

પુષ્પા ૨ એ પહેલાં જ દિવસે રાજામૌલીની બંને મોટી ફિલ્મો બાહુબલી ૨' અને RRRને માત આપી છે. અલ્લુ અર્જુનની ફિલ્મનું ઈન્ડિયા નેટ કલેક્શન ૧૭૫ કરોડ રૂપિયા છે. જ્યારે, RRR એ પહેલાં દિવસે ભારતમાંથી ૧૩૩ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જ્યારે નબાહુબલી ૨'નું ઈન્ડિયા નેટ કલેક્શન ૧૨૧ કરોડ રૂપિયા હતું. જ્યારે યશની KGF 2' એ ૧૧૬ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો.

# દિલ્હીમાં ખેડૂતોની કૂચઃ બોર્ડર પર સુરક્ષા વધારાઈઃ પોલીસ એલર્ટ મોડમાં

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પંજાબના ખેડૂતો, યુનાઈટેડ કિસાન મોરચા (બિનરાજકીય) અને કિસાન મજદૂર મોરચાના નેતૃત્વમાં ૬ ડિસેમ્બર (શુક્રવાર)ના રોજ દિલ્હી તરફ કૂચ કરવા માગે છે. આ માટે ખેડૂતો પટિયાલા-અંબાલા બોર્ડર પર સ્થિત શંભુ બોર્ડર પર એકઠા થવા લાગ્યા છે, પરંતુ હરિયાણા સરકાર તેમને આગળ વધવા દેવા તૈયાર નથી. હરિયાણાએ અંબાલામાં શંભુ બોર્ડર અને જીંદમાં ખનૌરી બોર્ડર પર કડકાઈ વધારીને વધારાના પોલીસ દળો તૈનાત કર્યા છે. પંજાબને અડીને આવેલા જીંદની દાતા સિંહવાલા બોર્ડર, સિરસાની ડબવાલી અને કુરુક્ષેત્રમાં પેહોવાને લગતી તુકાર બોર્ડર પર સતર્કતા વધારી દેવામાં આવી છે. બીજી તરફ દિલ્હી પોલીસે મોડી રાત્રે હરિયાણાને અડીને આવેલી ટિકરી બોર્ડરને સીલ કરવાનું શરૂ કરી દીધું હતું. ટ્રકોમાં લોખંડના બેરીકેટ અને સિમેન્ટના બેરીકેટ લગાવવામાં આવી રહ્યા છે. ઉપરાંત પ્લાસ્ટિકની કોથળીઓમાં માટી ભરીને ટ્રકમાં બોર્ડર પર લાવવાની શરૂઆત કરવામાં આવી છે.હરિયાણાના ગૃહ સચિવ ડૉ. સુમિતા મિશ્રાએ ખેડૂત નેતાઓને સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી સમિતિ સમક્ષ તેમના મંતવ્યો રજૂ કરવા હાકલ કરી હતી જેથી કરીને ઉકેલ શોધી શકાય. સમિતિના અહેવાલના આધારે જ આગળની નીતિ બનાવવામાં આવશે. ખેડૂતોને દિલ્હીમાં વિરોધ કરવાની મંજૂરી ન હોવાથી તેમને આગળ વધવાની મંજૂરી આપી શકાય નહીં. અંબાલા પ્રશાસને શંભુ બોર્ડર પર કલમ ૧૬૩ (અગાઉની કલમ ૧૪૪)ની નોટિસ ચોંટાડી છે. આ કારણોસર, પાંચ કે તેથી વધુ લોકોના એકઠા થવા પર પ્રતિબંધ રહેશે. પોલીસે ફરીથી શંભુ બોર્ડરથી લગભગ ૫૦૦ મીટરના અંતરે કાયમી બેરિકેડિંગ શરૂ કરી દીધું છે. ઈન્ટેલિજન્સ એજન્સીઓએ પ્રતિકૂળ અહેવાલો આપ્યા છે. તેમનું કહેવું છે કે જો ખેડૂતોને પગપાળા કૂચ કરવાની મંજૂરી આપવામાં આવે તો તેઓ રસ્તામાં હિંસક બની શકે છે. જો હરિયાણામાં રોકવામાં આવે તો વિવિધ સ્થળોએ નક્કર ધરણાં યોજવામાં આવી શકે છે જેનાથી કાયદો અને વ્યવસ્થા બગડી શકે છે. જો હરિયાણાના ખેડૂતો પણ તેમની પદયાત્રામાં જોડાશે તો સ્થિતિ વધુ ખરાબ થશે. આ સિવાય વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૯ ડિસેમ્બરે પાણીપતમાં એક કાર્યક્રમ છે, જેમાં તેઓ બીમા સખી યોજનાને લોન્ચ કરશે. આ કાર્યક્રમમાં વિક્ષેપ પડવાની સંભાવના છે. મુખ્યમંત્રી નયબ સિંહ સૈની પોતે



સમગ્ર સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. પંજાબથી આવતા વાહનોનું સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ટ્રેક્ટરના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. બીજી તરફ, ખેડૂત સંગઠનોના જણાવ્યા અનુસાર, ૧૦૧ ખેડૂતોની પ્રથમ બેચ શુક્રવારે બપોરે ૧ વાગ્યે શંભુ બોર્ડરથી પગપાળા દિલ્હી જશે. કિસાન મજદૂર મોરચાના નેતા સર્વન સિંહ પંઢેરે જણાવ્યું કે પ્રથમ બેચનું નામ નમરજીવાદા જાથાથ રાખવામાં આવ્યું છે. આમાં સામેલ ખેડૂતો દરેક પરિસ્થિતિમાં આગળ વધશે અને પોતાનો જીવ આપવા માટે પણ તૈયાર રહેશે.

# શેરબજારમાં શેરોના બંધ ભાવ નકકી કરવા કલોઝ ઓકશન સેશનનો સેબીનો પ્રસ્તાવ

## માર્કેટ બંધ થવાના સમયે વધઘટ નિયંત્રીત કરવા તથા બંધ ભાવે સોદાની તક આપવાનો ઉદેશ

**મુખ્ય સમાચાર,મુંબઈ**

શેરબજારમાં ઈન્વેસ્ટરોના હીત જાળવવા માટે નવા-નવા સુધારા કરી રહેલી સેબી દ્વારા હવે શેરોનાં બંધ ભાવ નકકી કરવા માટે ૧૫ મીનીટનું કલોઝ ઓકશન સેશન શરૂ કવાની દરખાસ્ત કરવામાં આવી છે. હાલ ભારતીય માર્કેટમાં બંધ ભાવ અંતિમ ૩૦ મીનીટના વોલ્યુમ વેટેજ એવરેજ ભાવના આધારે નકકી થાય છે. જોકે તે સચોટ બંધ ભાવ નકકી કરવામાં મદદ કરે છે. પરંતુ તે ભાવે સોદા કરવાની છુટ મળતી નથી.

સેબીનું એવુ માનવુ છે કે બજાર બંધ થવાના સમયે શેરોનાં ભાવોમાં વધઘટ વધી જાય છે. કલોઝ ઓકશન સેશન ડાયલ કરવાથી વધઘટ ધીમી પડશે. ખાસ કરીને ઈન્ડેકસ રીબેલેન્સીંગ તથા ડેરીવેટીવ્ઝ એકસપાયરી વખતે થતી ઉથલપાથલ અટકાવી શકાશે.

આ સીસ્ટમથી બંધ ભાવ પર સોદા કરવાની તક મળશે અને ઈન્ડેકસ પરફોર્મન્સ સાથે યોગ્ય તાલમેલ સર્જી શકશે. સેબીની દરખાસ્ત પ્રમાણે ૩.૩૦ થી ૩.૪૫ સુધી આ ખાસ સેશનની છુટ આપવામાં આવશે,. જોકે તેનો અમલ તબકકાવાર કરવામાં આવશે.



સૌ પ્રથમ ઈન્ડેકસ હેઠળનાં શેરોને આવરી લેવાશે અને તબકકાવાર અન્ય શેરો ઉમેરાશે. સેબીની દરખાસ્તમાં એમ પણ કહેવાયું છે કે જે કલાયન્ટે ૩૦ દિવસ સુધી કોઈ લેવડદેવડ કરી ન હોય તેના પૈસાનું સેટલમેન્ટ બ્રોકરોએ આગળની સેટલમેન્ટ તારીખ પર કરી દેવુ પડશે તેના ખાતામાં જમા નાણા ક્રેડીટ કરી દેવાનાં રહેશે.

પબ્લીક ઈસ્યુ સંબંધીત માર્ગદર્શીકામાં તમામ દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરવાનું સુચવવામાં આવ્યુ છે.

# સૌથી વધુ ફ્રોડ વોટ્સએપ મારફત છતાં કોઈ નિયંત્રણ નથી

## સરકાર એકાઉન્ટ બ્લોક કરાવી - નોટીસ આપી સંતોષ માને છે : ટ્રાઈના પત્રથી માહિતી બહાર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં વધી રહેલા સાયબર ફ્રોડમાં મોબાઈલ કોલીંગ અને વિડીયો કોલીંગ તથા એસએમએસની ભૂમિકા ખૂબજ મહત્વની બની રહી છે. વોટસએપ વિડીયો કોલીંગ એ રેકોર્ડ થઈ શકતા નથી અને તેના આધારે ડીજીટલ એરેસ્ટથી હનીટ્રેપ જેવા અપરાધો થાય છે. તેમાં સરકાર હવે વોટસએપની જવાબદારી નિશ્ચિત કરવા નિર્ણય લીધો છે. કેન્દ્રના સંદેશાવ્યવહાર અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે આ પ્રકારના ફ્રોડ અંગે ટેલીકોમ રેગ્યુલેટરી એજન્સી (ટ્રાય)ના રીપોર્ટના આધારે વોટસએપ અને તેની પેરેન્ટ કંપની મેટાને નોટીસ પાઠવી છે. આ વિભાગના સેક્રેટરી એસ.કિશ્નને સ્વીકાર્યુ કે, સરકાર સક્રીય રીતે આ પ્રકારના ફ્રોડને ડામવા વોટસએપ સહિતના સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ સાથે કામ કરે છે પણ આ પ્રકારના સાયબર સ્કેમ કરનારા હંમેશા એક ડગલું આગળ હોય છે અને તેમાં નવો માર્ગ શોધી લે છે તે સરકારની ચિંતા છે. વોટસએપ કોલ એ ટ્રાઈના અધિકાર ક્ષષત્રમાં આવતુ નથી તેથી તેણે સરકારના મંત્રાલયને રીપોર્ટ કર્યો હતો. વાસ્તવમાં આ જયુરીડિકશનનો પ્રશ્ન છે. વોટસએપ, સિગ્નલ અને ટેલીગ્રામ એ ટ્રાઈ હેઠળ આવતા નથી. ટ્રાયને ફકત રેગ્યુલર ફોન કોલ અને એસએમએસની જ સતા છે. જયારે એપ્લીકેશન્સ મારફત થતા કોલ-મેસેજ એ ટેલીકોમ અને આઈટી મંત્રાલય હેઠળ આવે છે.



સરકારનો દાવો છે કે વોટસએપ એ સરકાર સાથે સહયોગ કરે છે અને કેટલાક એકાઉન્ટ બ્લોક કર્યા છે. જો કે વધુ કૌભાંડો તો ટેલીગ્રામ અને સિગ્નલ એપ. મારફત થાય છે. તેના પર સરકારનો તેના પર કોઈ અંકુશ જ નથી પણ વોટસએપનો ઉપયોગ વ્યાપક છે અને તેથી ફ્રોડ કરનારાઓ તેનો ઉપયોગ વધુ કરે છે. ટેલીકોમ કંપનીઓ પણ આ રીતે ઓવર ધ ટોપ- એપ. મારફત થતા ફ્રોડ કે સ્પામફોટા-એસએમએસ અંગે ચિંતા વ્યક્ત કરી ચૂકી છે પણ આ પ્રકારના ઓટીટી પર કોઈ નિયંત્રણ નથી. ટેલીકોમ કંપનીઓને અનેક વખત ચોકકસ નંબર બ્લોક કરવા જણાવાયુ છે પણ ઓટીટી પર આવુ કોઈ અંકુશ નથી તેમાં કોઈ લાયસન્સ વગર જ આવે છે.

# ધોરાજીના નાની પરબડી ગામે યુવાનની હત્યાનો ભેદ ઉકેલાયોઃ મીત્રએ કરી હતી હત્યા

## સ્થાનીક પોલીસે ગણતરીની કલાકોમાં સગીર મીત્રને દબોચી લીધોઃ દારૂની મહેફલીમાં ડખ્ખો થતા પ્લાસ્ટીકની દોરીથી ગળુ દબાવી દઈ હત્યા કર્યાની કબુલાત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ધોરાજી તાલુકાનાં નાની પરબડી ગામે આજે દલિત યુવાનની હત્યા બાદ હોબાળો મચી ગયો હતો. પોલીસે આઠ કલાકે ફરિયાદનોંધી, પણ મોડી સાંજ સુધી હત્યારાને નહીં પકડી શકતા આક્રોશ ફેલાયો હતો. પરિણામે ધોરાજીમાં આજે દલિત સમાજનાં ટોળા માર્ગો પર ઉતરી આવ્યા હતા અને પોલીસ વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરીને લાશ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતાં આખો દિવસ અજંપાનો માહોલ રહ્યો હતો. જેથી પોલીસનાં ધાડા ઉતારીને મોડી રાત સુધી સમજાવટનાં પ્રયાસો ચાલતા રહ્યા હતા.

વિગત પ્રમાણે ધોરાજીનાં નાની પરબડી ગામે રહેતા ઉકાભાઈ રાઘવભાઈ સાગઠીયાનો ૨૫ વર્ષનો અપરિણીત પુત્ર વિમલ જમવા માટે ગયા બાદ રાત્રે આઠ વાગ્યે પરત આવ્યો હતો. બાદમાં ફરી બાઈક લઈને બહાર ગયા બાદ રાત્રે પરત આવ્યો નહોતો અને મોબાઈલ ફોન પણ બંધ આવતો હતો, આ દરમિયાન વહેલી સવારે એક સંબંધીએ જાણ કરી કે, ફૂલજર નદીના કાંઠે સુરાપુરા બાપાનાં મંદિર પાસે વિમલ બેભાન હાલતમાં પડયો છે.



પરિણામે પરિવારજનો તુરંત દોડી ગયા હતા, જયાં જઈને જોતા વિમલની આંખમાંથી લોહી નીકળતું હતું અને ગળાનાં ભાગે પણ ઈજાનાં નિશાન હતા. બાજુમાં બાઈક પણ પડયું હતું અને થોડે દૂર સેવમમરા તથા દારૂની કોથળીઓ પણ મળી આવી હતી. જેથી ઈજાગ્રસ્ત યુવાનને તુરંત ધોરાજી સરકારી હોસ્પિટલે લઈ ગયા હતા, પણ ત્યાં ડોકટરે મૃત જાહેર કરતા પરિવારજનોમાં આક્રંદ પ્રસરી ગયો હતો. આ ઘટનાની જાણ થતાં પોલીસ દોડી આવી હતી અને સ્થળ નિરીક્ષણ તથા મૃતદેહનાં પોસ્ટમોર્ટમ સહિતની ક્વાયત હાથ ધરી હતી. બીજી તરફ આજે સવારે મૃતદેહ જોતા જ હત્યા થયાનો અંદાજ આવી જવા છતાં પોલીસે ખૂનનો ગુનો દાખલ કરીને હત્યારાને શોધવાની દિશામાં પગલાં નહીં ભર્યાનું લાગતા ધોરાજીમાં દલિત સમાજનાં આગેવાનો અને લોકોનાં ટોળા ઉમટી પડયા હતા અને ગેલેક્સી ચોકમાં બેસી જઈને પોલીસ વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરવા સાથે ચક્કાજામ કર્યો હતો. આ સાથે પોલીસ હત્યાની ફરિયાદ નોંધે નહીં અને હત્યારાને પકડે નહીં ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વીકારવાનું એલાન કરતા પોલીસ તંત્રને દોડધામ થઈ ગઈ હતી. અંતે પોલીસે બપોરે ૪ વાગ્યે મૃતક વિમલનાં માતા દૂધીબેન ઉકાભાઈ સાગઠીયાની ફરિયાદ લઈને અજાણ્યા શખ્સો વિરૂધ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. આ સાથે એસપી જયપાલસિંહ રાઠોડની સુચનાથી ગોંડલનાં ડીવાયએસપી કિશોરસિંહ ઝાલા તાબડતોબ ધોરાજી દોડી આવ્યા હતા અને દલિત સમાજને સમજાવવાનાં પ્રયાસો હાથ ધર્યા હતા. બીજી તરફ એલસીબી અને ડોગ સ્કવોડની મદદથી તપાસનો ધમધમાટ ચાલુ કરી દેવાયો હતો. જોકે, મોડી રાત સુધી હત્યારાનાં કોઈ સગડ નહીં મળતા દલિત સમાજમાં રોષ યથાવત રહ્યો હતો. નાની પરબડી ગામે યુવાનની હત્યા બાદ દલિત સમાજે આરોપીને પકડી લેવાની માંગ સાથે લાશ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. જોકે રાત્રે પોલીસે એક આરોપી સકંજામાં આવી ગયાની બાયંધરી આપતા પરિવારજનો મૃતદેહ સ્વીકારવા સહમત થયા હતા. રાજકોટ ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ મોડી રાત્રે મૃતદેહને નાની પરબડી ગામે લઈ જઈ અંતિમવિધ કરવાનો નિર્ણય લેવાયો હતો.જેથી ધોરાજીમાં સાંજે પણ બે કલાક ચક્કાજામ કરનાર દલિત સમાજનાં આગેવાનો અને લોકો નાની પરબડી જવા રવાના થયા હતા.

# મોરબીની A1 સ્પોર્ટ્સ એકેડેમીના તાલીમાર્થીઓનો ૨૦મી WKI ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં શાનદાર દેખાવ

## ૧૬ મેડલ સાથે મોરબી જીલ્લાના વિદ્યાર્થીઓએ ગૌરવ વધાર્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તાજેતરમાં યોજાયેલ ૨૦મી WKI ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં મોરબી જીલ્લાની અ૧ સ્પોર્ટ્સ એકેડેમી દ્વારા ૧૬ મેડલ જીતી મોરબીનું નામ રોશન કર્યું છે. ભારત સહિત જાપાન, શ્રીલંકા, નેપાળ, અને બાંગ્લાદેશમાંથી ૭૦૦ જેટલા સ્પર્ધકો વચ્ચે આ સિદ્ધિ હાંસલ કરવામાં આવી હતી.

૨૦મી WKI ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં મોરબી જીલ્લાની અ૧ સ્પોર્ટ્સ એકેડેમીના વિદ્યાર્થીઓએ પોતાની મહેનત અને પ્રતિભાના જુસ્સા સાથે ૧૬ મેડલ જીતીને મોરબીનું ગૌરવ વધાર્યું છે. છેલ્લા પાંચ વર્ષથી આ એકેડેમીમાં તાલીમ લઈ રહેલા વિદ્યાર્થીઓએ કુમીતે અને કાતા બંને કેટેગરીમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. જેમાં વિજેતા વિધ્યાર્થીઓમાં સંસ્કૃતિ ગોહિલ:કુમીતેમાં 1st, કાતામાં ૩મિ તાનીયા માણેક:કુમીતેમાં 1st, કાતામાં ૩મિ એસ.ડી. ધનીશા:કુમીતેમાં ૨ક્ષમ, કાતામાં 3rd અંજલી ચાવડા:કુમીતેમાં 2nd ભારવાણી:કુમીતેમાં ૨ક્ષમ, કાતામાં 3rd રીઆન કેલા:કુમીતેમાં ૨ક્ષમ, કાતામાં 1st ખનક ભટ્ટ:કુમીતેમાં 3rd, કાતામાં 3rd વૈભવી રાઠોડ:કુમીતેમાં ૩મિ, કાતામાં ૩મિ ધ્યાન પંડિત:કાતામાં ૨ક્ષમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધામાં ભારત, જાપાન, શ્રીલંકા, નેપાળ અને બાંગ્લાદેશ જેવા દેશોના ૬૫૦ થી ૭૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મોરબીના વિધ્યાર્થીઓએ પોતાના ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા ૧૬




મેડલ જીતીને, ન માત્ર મોરબી જીલ્લાનું ગૌરવ વધાર્યું પરંતુ તેમના પરિવાર અને કોચ માટે પણ ગૌરવનું વિશેષ પ્રસ્તુતિ બન્યા હતા. અ૧ સ્પોર્ટ્સ એકેડેમીએ તેમના વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને આ સફળતા પાછળનો શ્રેય તેમની અવિરત મહેનત અને પ્રત્યેક તાલીમાર્થીના સમર્પણને આપ્યો છે.

# મોરબી જીલ્લામાં ૮ થી ૧૦ ડિસેમ્બર દરમિયાન પોલિયો ઝુંબેશ યોજાશે

## હાઈરિસ્ક સહિતના વિસ્તારોના ૩૭,૪૮૭ બાળકોને પોલિયાના ટીપા પીવડાવવાની કામગીરી કરવામાં આવશે

**મુખ્ય સમાચાર,મોરબી**

આપણો ભારત દેશ પોલીયો મુકત જાહેર થયેલ છે, પરંતુ હજુ પણ આપણા દેશની આજુબાજુના ઘણા પાડોશી દેશમાં પોલીયો કેસ નોંધાતા હોય છે. જેથી તેનું ઈન્ફેકશન આપણા દેશમાં ન ફેલાય તે માટે તકેદારીના ભાગ રૂપે મોરબી જીલ્લામાં આગામી તા. ૦૮ થી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન પોલિયો ઝુંબેશ યોજવામાં આવનાર છે. જીલ્લાના હાઈરિસ્ક વિસ્તાર જેવા કે, ઈન્ડસ્ટ્રીઝ વિસ્તાર અને મોરબી શહેર સ્લમ વિસ્તારના ૦ થી ૦૫ વર્ષના બાળકોને પોલિયોના બે ટીપા પીવડાવવામાં આવશે.

આ ઝુંબેશ દરમિયાન મોરબી જીલ્લાના ૦ થી ૫ વર્ષના કુલ ૩૭,૪૮૭ બાળકોને જીલ્લાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા પોલિયો ટીપા પીવડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે ૧૫૦ બુથ ઉપર પોલિયોના ટીપા પીવડાવવામાં આવશે. બીજા અને ત્રીજા દિવસે ૩૦૦ આરોગ્ય કર્મચારીઓની ટીમ દ્વારા બાકી રહી ગયેલ બાળકોને ઘરે-ઘરે ફરીને ટીપા પીવડાવવામાં આવશે.

જીલ્લામાં સમાવિષ્ટ તમામ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તાર અને મોરબી શહેરના સ્લમ વિસ્તારમાં ટીમ દ્વારા રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, હાઈવે, જાહેર સ્થળ ઉપર બાળકોને પોલિયોના ટીપા પિવડાવવામાં




આવશે. મોરબી જીલ્લામાં ઔદ્યોગિક વિસ્તારમાં કારખાનાના શ્રમિકોના બાળકો માટે અને વાડી વિસ્તારમાં રહેતા શ્રમિકોના બાળકો માટે મોબાઈલ ટીમ દ્વારા પોલિયોના ટીપા પીવડાવવામાં આવશે.

મોરબી જીલ્લામાં પોલિયોના ટીપા પીવડાવવાની કામગીરી માટે કુલ ૬૦૦ આરોગ્ય કર્મચારીની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવશે. ઉપરાંત ૩૦ રૂટ સુપરવાઈઝર અને ૧૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર અને ૪ તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા સુપરવિઝન કરવામાં આવશે. ૮ ડિસેમ્બર ૨૦૨૪ રવિવારના દિવસે ૦ થી ૦૫ વર્ષના બાળકોને નજીકના પોલિયો બુથ ઉપર જઈ પોતાના બાળકોને પોલિયોના ટીપા પીવડાવવા માટે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. સંજય શાહ દ્વારા મોરબી જીલ્લાના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે.

# જામનગર પંથકમાં વિદેશી દારૂના જથ્થા સાથે કુલ ૩ પકડાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેર, જીલ્લામાં ઈંગ્લીશ દા અંગે પોલીસ દ્વારા તપાસ કરીને ચાર સ્થળોએથી શરાબનો જથ્થો અને હેરાફેરી કરનારા શખ્સોને દબોચી લીધા હતા, બે શખ્સ ફરાર થઈ ગયા હતા. એલસીબીની ટુકડીએ લાલપુરના ધરમપુર સીમમાંથી એક શખ્સને ૬૫ બોટલ સાથે પકડી લીધો હતો, જયારે અંધાશ્રમ આવાસ કોલોનીમાં એક મકાનમાંથી શરાબની ૪૪ બોટલ મળી આવી હતી તેમજ લાલપુર અને શહેરના ૪૯ રોડ પર દા અંગે દરોડા પાડવામાં આવ્યા હતા.

જામનગર એસપી અને ડીવાયએસપીની સુચનાથી દા, જુગારના કેશ શોધી કાઢવા એલસીબીની ટુકડી પેટ્રોલીંગમાં હતી ત્યારે પીઆઈ લગારીયા, પીએસઆઈ મોરી, પીએસઆઈ પટેલની સુચનાથી સ્ટાફના દિલીપભાઈ, હિતેન્દ્રસિંહ, કાસમભાઈને મળેલ બાતમી આધારે લાલપુર તાલુકાના ધરમપુરની સીમમાં રહેતા એજાજ રાયબ હાલેપોત્રાના કબ્જાની વાડીમાંથી અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દાની ૬૫ બોટલ તથા એક મોબાઈલ મળી કુલ ૩૧ હજારના મુદામાલ સાથે પકડી લીધો હતો. જયારે દા સપ્લાય કરનાર ભાણવડના મોરઝર ગામના વિજય ઉગા બગડાનું નામ ખુલ્યુ હતું, બંનેની સામે પ્રોહી મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી.બીજા દરોડામાં જામનગર શહેર વિસ્તારમાં એલસીબીની ટુકડી પેટ્રોલીંગમાં હતી ત્યારે હરદીપભાઈ મયુરસિંહ અને ષીરાજસિંહને મળેલ હકીકત આધારે અંધાશ્રમ આવાસ કોલોની બ્લોક નં. ૨૯માં રહેતા સંજયસિંહ ભરતસિંહ વાઢેરના




મકાનમાંથી વિદેશી દાની ૪૪ બોટલ કિ. ૧૭૬૦૦ મળી આવી હતી. જયારે આરોપી સંજયસિંહ ફરાર થઈ ગયો હતો.આ ઉપરાંત લાલપુર તાલુકાના નાંદુરી રોડ પર સિધ્ધી વિનાયક સોસાયટીમાં રહેતા રમજાન શેરમામદ સંધીને ઈંગ્લીશ દાની ૩ બોટલ લઈને લાલપુર બસ સ્ટેન્ડની પાછળથી સ્થાનીક પોલીસે પકડી લીધો હતો અને દા બાબતે પુછપરછ કરી હતી. જયારે જામનગરના દિ.પ્લોટ ૫૮ હિંગળાજ ચોકમાં રહેતા હિરેન ઉર્ફે હિરો રમેશ ડોડીયા નામના શખ્સને ઈંગ્લીશ દાની ૧ બોટલ સાથે દિ.પ્લોટ ૪૯ રોડ પરથી પોલીસે પકડી લીધો હતો.

# હળવદમાં બ્રેઝા કાર હડફેટે મોટર સાયકલ ચાલક વૃદ્ધ ઘાયલ

**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદમાં માર્ગ અકસ્માતના બનાવમાં મોટર સાયકલના ચાલક એવા વૃદ્ધ વડીલ ઈજાગ્રસ્ત થયા અંગે હળવદ પોલીસ મથકમાં ઘાયલ વૃદ્ધના પુત્ર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેમાં હળવદના રાયસંગપર રોડ ઉપર મોટર સાયકલ સાથે સામેથી આવી બ્રેઝા કાર અથડાતા મોટર સાયકલ ચાલક વૃદ્ધને માથાના કપાળના ભાગે તથા શરીરે તથા હાથ-પગમાં ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચી હતી.

મળતી માહિતી અનુસાર, હળવદ તાલુકાના રાયસંગપર રહેતા કરશનભાઈ રંગાડીયા ગઈ તા. ૦૪/૧૨ના રોજ સાંજના સમયે પોતાનું મોટર સાયકલ રજી.નં. જીજે-૧૩-ક્યુ-૩૬૬૩ લઈને જતા હોય ત્યારે હળવદમાં રાયસંગપર રોડ છઠ્ઠી કેનાલ પાસે રજી.નં. જીજે-૩૬-એજે-૨૨૬૩



વાળી બ્રેઝા કારના ચાલકે પોતાની કાર બેફામ અને બેદરકારીરીતે ચલાવી આવી કરશનભાઈને તેમના બાઈક સહિત સામેથી અથડાવી અકસ્માત સર્જ્યો હતો, આ અકસ્માતના બનાવમાં મોટર સાયકલ ચાલકને માથામાં કપાળના ભાગે તેમજ હાથ,પગમાં ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી. ત્યારે અકસ્માતના બનાવ અંગે ઈજાગ્રસ્ત વૃદ્ધના પુત્ર દિલીપભાઈ કરશનભાઈ રંગાડીયાએ હળવદ પોલીસ મેથકમાં આરોપી બ્રેઝા કારના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. હળવદ પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણના વડોદ ગામની લેન્ડ ગ્રેબીંગના ગુનામાં મહિલાના આગોતરા જામીન મંજુર કરતી હાઈકોર્ટ

## વડોદ ગામે આવેલી જમીન મુદ્દે માતા-પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જસદણ તાલુકાના વડોદ ગામે આવેલી જમીન મુદ્દે માતા-પુત્ર વિરુદ્ધ લેન્ડ ગ્રેબીંગ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. જે ગુનામાં પોલીસ ધરપકડની દહેશતે મહિલાએ કરેલી આગોતરા જામીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજુર કરતો હુકમ કરવામાં આવ્યો છે.

આ કેસની હકીકત મુજબ જસદણ તાલુકાના વડોદ ગામના રે.સ.ન. ૨૩/પૈકી /૧ અને ૨૩ પૈકી ૨ ની જમીન અન્વયે કરેલ લેન્ડ ગ્રેબીંગ હેઠળ લીંબાભાઈ દેવજીભાઈ ભદાણીયાએ જસદણના જગદીશભાઈ જેઠાભાઈ દેવીપુજક અને નાથીબેન જેઠાભાઈ દેવીપુજક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. અગાઉ હાઈકોર્ટ સમક્ષ ફરીયાદ રદ કરવા કાર્યવાહી થયેલી જે કાર્યવાહી દરમ્યાન સ્ટે ઉઠી જતા જસદણ પોલીસ સ્ટેશન સમક્ષ નોંધાયેલી ફરીયાદ અન્વયે નાયબ પોલીસ અધીક્ષક ગોડલ વિભાગ ધ્વારા કાર્યવાહી કરવામાં આવતા ખોટી અને પાયાવિહોણી ફરીયાદના કામે નાથીબેનએ ધરપકડની દહેશતે કરેલી આગોતરા જામીન અરજી રાજકોટ સેસન્સ કોર્ટ દ્વારા રદ કરવામાં આવતા જે હુકમથી નારાજ થઈ નાથીબેને હાઈકોર્ટ સમક્ષ આગોતરા જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુ આત બાદ હાઈકોર્ટ દ્વારા નાથીબેનને પોલીસ સ્ટેશન સમક્ષ જામીન આપવાની સુવિધા સાથે આગતરા જામીન અરજી મંજુર કરતો મહત્વનો હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં નાથીબેન દેવીપુજક વતી હાઈકોર્ટના એડવોકેટ મેહુલ પાડલીયા તેમજ ગોડલીયા એસોસીએટસના જયેન્દ્ર એચ. ગોડલીયા, તથા હિરેન ડી. લિંબડ, દિલીપસિંહ જાડેજા, મોનિષ જોષી, પારષ શેઠ, કુલદિપસિંહ વાઘેલા, કરણ ડી. કારીયા (ગઢવી), કાજલબેન ખસમાણી, ખુશીબેન ચોટલીયા, નીરાલીબેન કોરાટ, શીરાકમુદ્દીન એમ. શેરશીયા, વિરલ વડગામા, ક્રિષ્નાબેન પીઠડીયા, પીયુપ કોરીંગા, મૌલીક ગોધાણી, સર્મીર શેરશીયા, ધારા બગથરીયા, પ્રિયંકાબેન સાગધ્રા, કેતન રાખસીયા, દિક્ષીત કોટડીયા, મયુર ગોંડલીયા, ધવલ જેઠવા, મનીષ ત્રીવેદી, મનીપ ઠાકર, યશ સોની, ભુમી મહેતા, દિપક રાઠોડ, કૌશીક ઉનાગર, યસ રાદડીયા, પ્રિયાસ ધિનોરા અને પદમાવતીબેન ભુમ રોકાયા હતા.

# માળીયા(મી)ના વવાણીયા ગામ નજીક અજાણ્યા પુરુષની લાશ મળી,વાલી-વારસની શોધખોળ

## અજાણ્યા પુરુષની લાશની ઓળખ તથા વાલી-વારસ અંગે માહિતી મળ્યે માળીયા(મી) પોલીસનો સંપર્ક કરવા અપીલ



માળીયા(મી)ના વવાણીયા ગામની સીમમાં બીમારી સબબ મૃત્યુ પામેલ અજાણ્યા પુરુષની લાશ મળી આવેલ હોય, મૃતક અજાણ્યા પુરુષના કોઈ વાલી-વારસ ન હોય હાલ મૃતકની લાશ મોરબી સરકારી હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં રાખી છે, જેથી લાશની ઓળખ તેમજ વાલી વારસની માહિતી મળ્યે માળીયા(મી) પોલીસ મથક અથવા તપાસનીશ અધિકારીનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. માળીયા(મી) પોલીસ સ્ટેશનની હદમાં આવેલ વવાણીયા ગામની સીમમાં રણ વિસ્તારમાં, બાબભાઈ દહીંસરા વાળાના કારખાના નજીક અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. મરણ જનારની ઉંમર આશરે ૪૦ વર્ષની હોવાનું અનુમાન છે. મૃતક શરીરે પાતળો બાંધો, વાને ઘઉવર્ણ, માથાના ભાગે લાંબા કાળા વાળ તથા દાઢી છે. તથા શરીરે ભુખરા કલરનો શર્ટ તથા બ્લુ કલરની ટુકી ચડી પહેરેલ છે જમણા હાથે હીંન્દીમાં પભોલેથ ત્રોફાવેલ છે અને ગળામા પીળા કલરની ધાતુનો ચેન પહેરેલ છે અને જમણા હાથના કાંડામાં પીળી ધાતુનુ કાંડુ પહેરેલ છે અને જમણા હાથની ત્રીજી આંગળીમાં પીળી ધાતુની વીટી પહેરેલ છે. મરણજનારની લાશની ઓળખ થયેલ ન હોય જે લાશના ફોટા નીચે મુજબના છે જે અજાણ્યા પુરૂષના સગા સંબંધીની કોઈ ઓળખ થયેલ ન હોય જેથી લાશની ઓળખ કરવા તેઓના વાલીવારસ અંગેની કોઈપણ માહીતી મળ્યેથી માળીયા મીયાણા પોલીસ સ્ટેશન ટેલી.નં.૬૩૫૭૨ ૪૦૭૧૬ તેમજ તપાસ કરનાર પોલીસ હેડ કોન્સે. પી.વી.ચાવડા મો.ન.૯૯૧૩૦ ૬૦૧૬૭ ઉપર જાણ કરવા વિનંતી કરવામાં આવી છે.

# મોરબીના લીલાપર કેનાલ રોડ પર કારમાં લાગી આગ




મોરબીના લીલાપર કેનાલ રોડ પર હ્યુન્ડાઈ ક્રેટા રજી. નં. જીજે-૩૬-એલ-૦૦૧૯ કારમાં અચાનક આગ લાગતા ફાયર બ્રિગેડે તરત જ સ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો. સદનશીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. મોરબીના લીલાપર કેનાલ રોડ પર ગત રોજ રાત્રીના સમયે રોડ ઉપર પસાર થઈ રહેલ હ્યુન્ડાઈ ક્રેટા કારમાં અચાનક આગ લાગી હતી. જેથી કાર ચાલક હિતેષભાઈ પટેલ સમય સુચકતા વાપરી કારની બહાર નીકળી ગયા હતા, ત્યારે ઘટનાની જાણ થતાં જ મોરબી ફાયર વિભાગની ટીમ તત્કાળ સ્થળ પર પહોંચી ગઈ હતી. આગને ઝડપથી કાબુમાં લેવામાં આવી હતી. આગ લાગવાને કારણે ક્રેટા કારમાં વધુ માત્રામાં નુકસાની થઈ હોવાનું જાણવા મળ્યું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ પ્રાથમિક અનુમાન મુજબ બેટરીમાં શોર્ટ સર્કિટને કારણે આ ઘટના બની હોવાની આશંકા વ્યક્ત કરાઈ હતી. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી.

# રીબડા નજીક ચેકડેમમાંથી અજાણ્યા પુરૂષની લાશ મળી

## વાલીવારસની શોધખોળ; મૃતકની ઓળખ મળે તો શાપર પોલીસનો સંપર્ક કરવા અપીલ


શહેરના શાપર ગામથી રીબડા નજીક ચેકડેમમાં અજાણયા યુવાનની લાશ મળી આવતા શાપર-વેરાવળ પોલીસનો સ્ટાફ તુરત ઘટના સ્થળે દોડી ગયો હતો. અને મૃતદેહ બહાર કઢાવ્યો હતો અને મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના અંગે શાપર પોલીસ મથકના હેડકોન્સટેબલ એન. એમ. રોજાસરા (મો.નં.૯૪૨૯૨ ૪૭૯૪૨) એ જણાવ્યુ હતુ કે, હાલ મૃતકના વાલીવારસની શોધખોળ કરવામા આવી રહી છે. અને મૃતદેહ રાજકોટની સિવિલમાં આવેલા પોસ્ટમોર્ટમમા ખસેડાઈ અને હાલ કોલ્ડ સ્ટેરેજમાં રાખવામા આવી છે. ઉપરોકત તસ્વીરમાં દેખાતા વ્યકિત વિશે કોઈને જાણ થાય તે શાપર-વેરાવળ પોલીસનો સંપર્ક કરવા જણાવાયુ હતુ.

# મોરબીમ ચોરાઉ મોટર સાયકલ સાથે એકને ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમ દ્વારા વાહન ચોર ઈસમને પકડી લેવામાં આવ્યો છે, જેમાં મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ ભડીયાદ કાંટા પાસેથી મોટર સાયકલ ચોરીના ગુનામાં પૂર્વ બાતમીને આધારે એક ઈસમને નજરબાગ નજીકથી ૨૫ હજારના ચોરાઉ મોટર સાયકલ સાથે પકડી લઈને તેની વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેરોલ ફર્લો સ્કોડના એ.એસ.આઈ. હિતેંદ્રસિંહ ચુડાસમા તથા એલ.સી.બી શાખાના હેડ.કોન્સ નિરવભાઈ મકવાણા, કોન્સ વિક્રમભાઈ કુગશીયા તથા વિક્રમભાઈ રાઠોડને સયુંકતમાં ટેકનીકલ માધ્યમ, ખાનગીરાહે તેમજ હ્યુમન શોર્સીસના માધ્યમથી બાતમી હકીકત મળેલ કે, મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ મોટર સાયકલની ચોરી



થયાની ફરિયાદમાં ભડીયાદ રોડ આંબેડકર કોલોની સામેથી એક હીરો હોંડા સ્પ્લેન્ડર મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-એફબી-૦૩૯૦ વાળું કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરીને લઈ ગયો હોય, આ ચોરીમાં ગયેલ મોટર સાયકલ સાથે એક ઈસમ નજરબાગ ફાટક પાસે ઉભેલ છે તે મુનાબની બાતમીને આધારે ઉપરોક્ત સ્થળે તપાસ કરતા એક ઈસમ મોટર સાયકલ સાથે ઉભેલ હોય જેથી તેની પાસે મોટર સાયકલના જરૂરી પુરાવા માટેના દસ્તાવેજી કાગળો માંગતા તેની પાસે ન હોવાનું જણાવેલ જેથી ઈ-ગુજકોપમાં સર્ચ કરતા આ મોટર સાયકલ બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ ચોરીનું હોય જેથી તુરંત આરોપી અશોકભાઈ ગાંડુભાઈ ઉધરેજા ઉવ-૩૫ રહે.નવા વધાસીયા તા.વાંકાનેર જી.મોરબીની અટકાયત કરી તેની પાસેથી ચોરાઉ મોટર સાયકલ કબ્જે લઈ પકડાયેલ આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે બી ડિવિઝન પોલીસ મથકમાં સોંપી આપેલ છે.

# મોરબી નગરપાલિકા ઉપર ભષ્ટાચાર અને ગેરરીતિ કરવાના આક્ષેપો કરતા જીલ્લા કોંગ્રેસ પ્રમુખ

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા દ્વારા મોરબી નગરપાલિકા ઉપર ગંભીર પ્રકારના આક્ષેપોની શંકા સાથે એક પ્રેસ યાદીમાં જણાવેલ છે કે મોરબી નગરપાલીકા કચેરી દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના, મોરબીને ઢોરમુક્ત બનાવવા નંદીઘર, ૪૫(ડી) હેઠળના કામો તેમજ ભુગર્ભ ગટરને લગતા કામો કરવામાં આવેલ છે. જે કામો પ્રજાના ટેકસની આવકમાંથી કરવામાં આવેલ છે અને તેમાં પ્રજાનો પરસેવો રેડાયેલ છે. જેથી ઉપરોકત કરેલ કામોની વિગતો ગત ૩૦ જુલાઈ ૨૦૨૪ના રોજથી વિરોધપક્ષ તરીકે માંગવામાં આવી હતી.





પરંતુ ઉપરોકત તમામ કામોમાં ક્યાંકને ક્યાંક ગેરરીતી અને ભ્રષ્ટાચાર થયો હોય, જેના રેકર્ડ હાલમાં નગરપાલીકા કચેરી ખાતેથી ગુમ થઈ ગયેલ હોય, તેવા શંકાના વાદળો ઘેરાઈ રહેલ છે. જો ઉપરોક્ત માહિતી પ્રજા સમક્ષ આવે તો તેમાં અનેક અધિકારીઓ તથા નેતાઓના ભ્રષ્ટાચારના ચહેરાઓ ખુલે તેમ છે, તેમાં શંકાને કોઈ સ્થાન નથી. જેના કારણે આજ દિન સુધી કોઈ પણ પ્રકારની માહિતી પુરી પાડવામાં આવેલ નથી. તેમ યાદીમાં જણાવાયું છે.

# મવડી પ્લોટનો નામચીન બુટલેગર મોંઘી ડાટ વિદેશી દારૂસાથે ઝડપાયો

## ક્રાઈમ બ્રાન્ચની ટીમ દબોચી લઈ રૂપિયા ૨.૩૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો રિમાન્ડ પર લેવા તજવીજઃ દેશી વિદેશી દારૂનું વેચાણ કરતા બુટલેગર સહિત ત્રણ શખ્સો પાસામાં ધકેલાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના મવડી રોડ પર વર્ષોથી ખુલ્લેઆમ વિદેશી દારૂનો વેપલો કરતો નામચીન બુટલેગર વધુ એકવાર ક્રાઈમ બ્રાન્ચના હાથે મોંઘી ડાટ વિદેશી દારૂ સાથે ઝડપાયો છે પોલીસે દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો એ અંગેની તપાસ કરતા ઝડપાયેલો નામચીન બુટલેગર સાચું નામ ન આપતા રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ આર ગોંડલીયા અને એમ.એલ ડામોર ની સુચનાથી પી એસ આઈ એ એન પરમાર ના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ કૃષ્ણદેવસિંહ અને હસમુખભાઈ સહિતનો સ્ટાફ માલવયા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે વર્ષોથી દારૂનો વેટલો ચલાવતો નામચીન બુટલેગર અને મહુડી મેન રોડ પર આવેલ વિશ્વેશ્વર મંદિર પાછળ મારુતિ નંદન સોસાયટી શેરી નંબર ૭ માં રહેતો જયપાલસિંહ મહિપતસિંહ ઝાલા નામનો બુટલેગર santro કારમાં વિદેશી દારૂનો જથ્થો લઈ આવતો હોવાની હકીકત મળતા પોલીસે વોચ ગોઠવી હતી તે દરમિયાન સેન્ટ્રો કાર નંબર લષ ૩ એચ કે ૧૮ ૪૫ માં બુટલેગર જયપાલસિંહ ઝાલા નીકળતા પોલીસે તેને અટકાવી કારની તલાસી લેતા તેમાંથી મોંઘી ડાટ વિદેશી દારૂ જોની વોકર રેડ લેબલ અને વેલેન્ટાઈન ની ૪૮ બોટલ મળી આવતા પોલીસે કાર સહિત ₹૨.૩૭ લાખનો મુદ્દા માલ કબજે કરી ઝડપાયેલા બુટલેગરની આખરી પૂજ પર જ કરતા દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો તે નહીં જણાવતા પોલીસે તેને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે જ્યારે બીજા બનાવમાં અગાઉ અનેકવાર દારૂ વેચવા ના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા ચોટીલાના નાની મોલડી ગામનો મહેન્દ્ર ઉર્ફે સોમકું ગબરૂ ભગત નમના શખ્સની ઉના નિવારણ શાખાના પીએસઆઈ એમ જે હુણ તથા એએસઆઈ મયુરભાઈ પટેલ સંતોષભાઈ મોરી સહિતના સ્ટાફે અટકાયતમાં લઈ તેના પાસા ના કાગડો તૈયાર કરી શહેર પોલીસ કમિશનર ને મોકલાવતા તેના પર પોલીસ કમિશનર બ્રિજેશકુમાર જા દ્વારા મોહોર લગાવી દેવામાં આવતા આ બુટલેગરને પાસા માં સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. જ્યારે આજીડેમ પોલીસ મથકના પીઆઈ એ બી જાડેજા સહિતના સ્ટાફે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમો નો ઈતિહાસ ચેક કરી તેની સામે પાસાની કાર્યવાહી કરવા ના અનુસંધાને ગઢકા ગામે રહેતો રામુ કાંતિ બારૈયા તથા ખેરડી ગામે રહેતો જયેશ દિલીપ દુધરેજીયા નામના શખ્સોના ગુનાહિત ઈતિહાસ ચેક કરી તેને પાસા માં અમદાવાદ તથા વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે

# શહેરના પાંચ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટરની આંતરિક બદલી




**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા રાજકોટ શહેરમાં ફરજ બજાવતા વધુ પાંચ પોલીસ ઈન્સ્પેક્ટરની આંતરિક બદલી નાખો બદલી કરવામાં આવી છે


રાજકોટના ચકચારી અગ્નિકાંડ બાદ રાજકોટ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની તાત્કાલિક ધોરણે બદલી કરી તેના સ્થાને નવનિયુક્ત પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ રાજકોટ પોલીસ કમિશનરનો ચાર્જ સંભાળ્યો હતો. ચાર્જ સંભાળિયાના થોડા સમય બાદ જ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પોલીસ બેડામાં ધરખમ ફેરફાર કર્યા હોય તેમ પીઆઈ, પીએસઆઈ અને કોન્સ્ટેબલ સહિતના જવાનોની અરસપરસ બદલી કરી હતી. જે બદલીઓનો હજુ પોલીસ બેડામાં ગણગણાટ શરૂ છે. ત્યાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા રાજકોટ શહેરમાં ફરજ બજાવતા વધુ પાંચ પોલીસ ઈન્સ્પેક્ટરની આંતરિક બદલી કરવામાં આવી છે. જેમાં યુનિવર્સિટી ના પીઆઈ એમ.જી.વસાવા ટ્રાફિકમાં, ટ્રાફિક પીઆઈ આઈ.એન.સાવલીયાને એરપોર્ટ પોલીસ મથકમાં, ટ્રાફિક શાખાના પીઆઈ એસ.આર.મેઘાણીને લીવ રિઝર્વમાં, રીડર શાખાના પીઆઈ એચ.એન. પટેલને યુનિવર્સિટી પોલીસ મથકમાં અને એરપોર્ટના પીઆઈ જે.એસ.ગામીતની ટ્રાફિક શાખામાં બદલી કરવામાં આવી છે.

# રૂડાની આવાસ યોજના ધૂળધાણીઃ વધુ ૮૪ આવાસ રદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રૂડા દ્વારા મુંજકા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના તૈયાર કરવામાં આવે છે. જેનો ડ્રો પણ ઘણા સમય પહેલાથઈ ગયેલ છે. પરંતુ આ આવાસ યોજનામાં ફાળવવામાં આવેલ આવાસ લેવા માટે કોઈ તૈયાર ન હોય તેવું લાગી રહ્યું છે. રોજે રોજ મોટી માત્રામાં અરજદારોના આવાસો રદ કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત આજે પણ દસ્તાવેજ બનાવવા માટે ન આવનાર ૮૪ લાભાર્થીઓના આવાસ રદ કરવામાં આવ્યા હતાં.

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ઊઠજ-ઈઈ પ્રકારના ટી.પી.૧૭ એફ.પી.૭૯, આદિત્ય-૭૯ હાઉસિંગ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી, ફિલ્ડ માર્શલની વાડી પાસે, કાલાવડ રોડ,મુંજકા, રાજકોટ માં નીચે પ્રમાણે ની યાદી મુજબ આવાસો આવાસ ધારકોને ફાળવેલ છે. જેમના દ્વારા રૂડાનાં આવાસ નો દસ્તાવેજ/ભાડાકરાર આજદિન સુધી કરાવેલ ન હોય. આ બાબતે લાભાર્થીશ્રીઓને રૂડા કચેરીએથી વારંવાર નોટીસ આપવામાં આવેલ છે. પરંતુ, આજદિન સુધી આવાસ ધારકો દ્વારા દસ્તાવેજ/ભાડાકરાર કરાવેલ નથી. સદરહુ બાબતે બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આવા આવાસ ધારકોનાં આવાસો રદ કરવામાં આવે હતાં.




રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા આજે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં દસ્તાવેજ ન કરનાર એ-૨૦૫, ૩૦૧, ૩૦૩, ૪૦૨, ૪૦૬, ૫૦૩ તથા બી-૩૦૭, ૫૦૭, ૯૦૬, ૧૦૦૫, ૧૨૦૫, ૧૨૦૬, ૧૩૦૭ તથા સી-૮૦૭, ૧૧૦૪, ૧૧૦૬, ૧૧૦૭, ૧૧૦૮, ૧૩૦૨, ૧૩૦૬ તથા ઈ-૩૦૨, ૬૦૪, ૧૦૦૧, ૧૦૦૩, ૧૧૦૨, ૧૪૦૧, ૧૦૨ તથા એફ-૧૨૦૭, ૧૪૦૪ તથા જી-૧૦૭, ૬૦૭, ૧૦૦૩, ૧૦૦૮, ૧૨૦૭ અને એચ-૮૦૧, ૯૦૭, ૧૧૦૩, ૧૧૦૮, ૧૨૦૮, ૧૩૦૩, ૧૩૦૪, એ-૬૦૩, ૧૦૦૬, ૧૧૦૭, ૧૪૦૬, ૧૦૬, ૧૦૮, બી-૨૦૩, ૨૦૮, ૧૪૦૩, સી-૧૦૨, ૧૦૫, ૧૦૭, ૩૦૮, ૫૦૨, ૬૦૪, ૮૦૫, ૧૪૦૩, ૧૪૦૫, ડી-૨૦૩ સહિતના ૬ એફ-૧૦૫ સહિતના ૮, જી અને એચમાં વધુ ૧૦ સહિત ૮૪ આવાસો રદ કરવાની કાર્યવાહી હાથ ધરી તમામ લાભાર્થીઓને નોટીસ ફટકારી હતી.

# રેલવેમાં રામભરોસે મુસાફરી કરતા ખુદાબક્ષો પાસેથી રૂા.૪.૪૦ કરોડના દંડની વસૂલાત


## રાજકોટ રેલવે ડિવિઝને એપ્રિલ-નવેમ્બર માસ દરમિયાન ચેકિંગ ઝુંબેશ હાથ ધરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુસાફરોને આરામદાયક મુસાફરી અને વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા માટે રાજકોટ રેલવે ડિવિઝન માં મેલ/એક્સપ્રેસ, હોલિડે સ્પેશિયલ તેમજ લોકલ ટ્રેનોમાં ટિકિટ વિનાના/અનિયમિત મુસાફરોને રોકવા માટે સતત સઘન ટિકિટ ચેકિંગ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. રાજકોટ ડિવિઝનના વાણિજ્ય વિભાગ ના વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ અત્યંત અનુભવી ટિકિટ ચેકિંગ ટીમ દ્વારા એપ્રિલથી નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન અનેક ટિકિટ ચેકિંગ ડ્રાઈવો હાથ ધરવામાં આવી હતી, જેમાં રૂ. ૪.૪૦ કરોડ મળ્યા હતા. નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન ટિકિટ વિનાના, લગેજ બુક ન કરાવ્યો હોય તેવા અને ઉચ્ચ વર્ગમાં યાત્રા કરતાં હોય એવા અનાધિકૃત/અનિયમિત મુસાફરી ના ૬૩૭૭ મામલા શોધીને થી રૂ. ૪૧.૨૨ લાખની રકમ વસૂલ કરવામાં આવી હતી. ગેરકાયદેસર મુસાફરોને રોકવા માટે નિયમિત સરપ્રાઈઝ ટિકિટ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ડ્રાઈવોના પરિણામે, એપ્રિલથી નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન અંદાજે ૬૨૮૦૩ અનધિકૃત યાત્રીઓ પાસેથી ૪.૪૦ કરોડ રૂપિયા દંડ તરીકે વસૂલવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝન લોકોને હંમેશા યોગ્ય ટિકિટ લઈને સન્માન સાથે મુસાફરી કરવાની અપીલ કરે છે. ભારતીય રેલવે (આઈઆર) એ ટ્રેક નિરીક્ષણના યાંત્રિકરણ ની દિશામાં પ્રગતિ કરી છે. આનાથી પરંપરાગત પદ્ધતિમાં સુધારો થયો જે મુખ્ય માણસો,પી-વે ગેંગ અને અન્યો દ્વારા મેન્યુઅલી તપાસ પર આધાર રાખતી હતી. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ભારતીય રેલ્વેના દરેક ઝોનને રેલ્વે ટ્રેકની દેખરેખ માટે ટ્રેક રેકોર્ડીંગ કાર આપવામાં આવશે. ઈન્ટિગ્રેટેડ ટ્રેક મોનિટરિંગ સિસ્ટમ (આઈટીએમએસ) એ એક સિસ્ટમ છે જે ટ્રેક રેકોર્ડિંગ કાર (ટીઆરસી )માં ઈન્સ્ટોલ કરવામાં આવે છે. આ સિસ્ટમમાં રેલ ટ્રેકના પરિમાણોને રેકોર્ડ કરવાની અને ૨૦ - ૨૦૦ સળાવની સ્પીડ રેન્જમાં ટ્રેકને મોનિટર કરવાની ક્ષમતા છે. આ સિસ્ટમ વિવિધ તકનીકોનું સંયોજન છે જે સુરક્ષિત અને કાર્યક્ષમ રેલ કામગીરી સુનિશ્ચિત કરતી વખતે રેલ્વે ટ્રેક સાથે સંકળાયેલા પરિમાણોને માપવામાં મદદ કરે છે. આઈટીએમએસ વિવિધ ઓન-બોર્ડ સેન્સર, કેમેરા વગેરેમાંથી ડેટા એકત્રિત કરવા, તેનું વિશ્લેષણ કરવા અને પ્રક્રિયા કરવા માટે ડેટા એનાલિટિક્સ અને એક સંકલિત સોફ્ટવેરનો ઉપયોગ કરે છે. તે ભારતીય રેલ્વેના ટીએમએસ (ટ્રેક મેનેજમેન્ટ સિસ્ટમ) સાથે સંકલિત કરવામાં આવ્યું છે જેથી કરીને દરેક રેલ્વે ટ્રેક રેકોર્ડિંગ રનના અહેવાલો ટીએમએસ પોર્ટલ પર ઉપલબ્ધ થઈ શકે. ટીઆઈએમએસ(ટ્રેક ઈન્સ્પેક્શન એન્ડ મોનિટરિંગ સિસ્ટમ) એક નિરીક્ષણ સિસ્ટમ છે. મેક ઈન ઈન્ડિયા - સિસ્ટમ સંપૂર્ણપણે ભારતમાં જ બનાવવામાં આવશે. માત્ર ભારતીય કંપનીઓને જ ટેન્ડરમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી છે. તેઓ વિદેશી કંપનીઓ સાથે મળીને કામ કરી શકે છે.ટીઆઈએમએસનો મુખ્ય ઉદ્દેશ યાંત્રિક રીતે ટ્રેક કમ્પોનેન્ટ અને ટ્રેક સ્ટ્રક્ચરના મેન્યુઅલ નિરીક્ષણની વર્તમાન પદ્ધતિ પર નિર્ભરતા ઘટાડવાનો છે જે દર મહિને કરવામાં આવશે. પશ્ચિમ રેલ્વેને સમગ્ર ભારતીય રેલ્વે માટે ઝઈખજની પ્રાપ્તિ માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવાની સત્તા આપવામાં આવી છે. ઝઈખજ સિસ્ટમના ૧૬ એકમોની ખરીદી માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે અને તે સમગ્ર ભારતીય રેલ્વે માટે પશ્ચિમ રેલવે દ્વારા પ્રાપ્ત કરવામાં આવશે.

# ઘંટેશ્વર એસઆરપી કેમ્પ પાસે વિદેશી દારૂ ભરેલી કાર સાથે બુટલેગર ઝડપાયો

- બાતમીના આધારે ગુન્હા નિવારણ શાખાની ટીમે વોચ ગોઠવી વર્તમાન નગરના શખ્સને દબોચી લઈ રૂપિયા ૩.૪૮ લાખનો મુદ્દામાલ કબજે કયા





**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં વિદેશી દારૂનું વેચાણ કરતા બુટલેગરો બેફામ બન્યા હોય ત્યારે ગુના નિવારણ શાખા ની ટીમે બુટલેગરુ સામે લાલ આંખ કરી છે ત્યારે રોજબરોજ દારૂનો ધંધો કરતા બુટલેગરો પકડાઈ રહ્યા છે ગતરાત્રિના જામનગર રોડ પર ઘંટેશ્વર એસઆરપી કેમ્પ નજીકથી વિદેશી દારૂ ભરેલી ઘર સાથે વધુ એક બુટલેગરને ઝડપી લેવામાં ગુના નિવારણ શાખાની ટીમને સફળતા મળી છે પોલીસે કાર સહિત ₹૩.૪૮ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

અંગેની માહિતી મુજબ ગુના નિવારણ શાખાના ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયા ની સૂચનાથી પી.એસ.આઈ. એમ જે હુણ ના માર્ગદર્શન હેઠળ શહેરમાં દારૂનો વેપલો કરતા બુટલેગરો પર બાજુ નજર રાખી તૂટી પડવા અંગેની સૂચના મળતા હેડ કોન્સ્ટેબલ કરણભાઈ તથા રાહુલ ગીરી સહિતનો સ્ટાફ જામનગર રોડ પર નાઈટ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ઘંટેશ્વર એસઆરપી કેમ્પ તરફ જતા રસ્તા પર આવેલ રત્નમ બંગ્લોઝ ના મેઈન રોડ પર એક સ્વીટ કાર નંબર લષ ૩ એચ કે ૨૯ ૭૩ નંબરની શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેનો પીછો કરી કારને અટકાવી ક્લાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો મળી આવી હતી પોલીસે કારના ચાલક વર્તમાન નગર માં આવેલ ફોરમ કસ્તુરી એપાર્ટમેન્ટમાં રહેતો અક્ષય ઉર્ફે મુન્નો દિલીપ પંડ્યા નામના શખ્સની ધરપકડ કરી કાર સહિત કુલ રૂપિયા ૩.૪૮ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે

# આજે હોમગાર્ડ દિન : ગુજરાતમાં ૫૦ હજાર જવાનો સામાજીક સુરક્ષા માટે ૨૪ કલાક રહે છે 'સતર્ક'

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આર.ટી.આઈ એક્ટિવિસ્ટ, પૂર્વ હોમગાર્ડ અગ્રણી ગજેન્દ્રસિંહ ઝાલા ની યાદી મુજબ છઠ્ઠી ડિસેમ્બર રાજ્યમાં પહોમગાર્ડ ડેથ છે. વર્તમાન સમયમાં ગુજરાત રાજ્યના પચાસ હજાર હોમગાર્ડ જવાનો દયાજનક સ્થિતિમાં જીવી રહ્યા છે. આજે હોમગાર્ડ સ્થાપના દિવસે પબળતા જીવેથ હોમગાર્ડ ડે મનાવી રહ્યા છે

કોવિડ ૧૯ માં પ્રથમ હરોળમાં સેવા બજાવનારા કોરોના વોરિયર્સ અતિ જોખમી ફરજ બજાવતા ગુજરાત રાજ્યના ૫૦ હજાર હોમગાર્ડ જવાનો બેહાલ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓના પગલે આજે હોમગાર્ડ જવાન અન્યાયનો ભોગ બની રહ્યા છે. શિસ્ત અને સેવાના નામે ગુજરાત રાજ્ય હોમગાર્ડ દળના વ્યાજબી અને અણઉકેલ પ્રશ્નો ભોં માં ભંડારી દેવાયા છે

આજે હોમગાર્ડ દિન છે પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકાર ની ગુજરાત રાજ્ય હોમગાર્ડ જવાનો પ્રત્યેની બેદરકારી અને લાપરવાહીને પગલે રાજ્યના ૫૦,૦૦૦ હોમગાર્ડ જવાનો પદીનથ એટલે કે ગરીબ છે. રાજ્યમાં ગૃહ રક્ષક દળ (હોમગાર્ડ) ની આપના છઠ્ઠી ડિસેમ્બર ૧૯૪૭ ના રોજ કરવામાં આવી તત્કાલીન સમયે હોમગાર્ડ દળના માત્ર ૧૮૫૦ જવાનો હતા. આજે રાજ્યમાં હજારો હોમગાર્ડદળના જવાનો રક્તદાન, વૃક્ષારોપણ, પ્રોઢ શિક્ષણ જેવી સમાજોપયોગિ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. આગ, લૂંટ, કાયદાની જાળવણી અતિવૃષ્ટિ કે મોટી હોનારતના પ્રસંગોએ દળના જવાનો પોતાની જાતની પરવા કર્યા વગર ફરજો બજાવે છે જે ગુજરાત સરકારના રેકોર્ડ પર પણ મૌજુદ છે. મુખ્યમંત્રી, કેબિનેટ મંત્રીશ્રીઓએ પણ હોમગાર્ડ દળના જવાનોને સેવાને વખતો વખત બિરદાવેલી છે. પોલીસની સાથે ખંભે ખંભા મિલાવી ચૂંટણી બંદોબસ્ત, વીઆઈપી સુરક્ષા, નાઈટ પેટ્રોલિંગ, ટ્રાફિક ઈમરજન્સી, યુદ્ધકાળ દરમિયાન સિવિલ ડિફેન્સની ફરજોમાં રાઉન્ડ ક્લોક સેવા બજાવતા જવાનોના પ્રશ્નોની ઉપેક્ષા થઈ રહી છે કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડ ની માનદ પોષ્ટ હતી. આજે ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસના ઉચ્ચ હોદ્દા સાથે કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝ માટે પોલીસ વિભાગના અધિકારી દ્વારા પ્રાપ્ત થાય છે. રાજકોટ જિલ્લામાં ૧૨ વર્ષથી વધુ સમયથી ઈન્ચાર્જ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ નો ચાર્જ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક (ઉઢજઙ) રાજકોટ રૂરલ પાસે રહેલ હતો. તાજેતરમાં જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની નિમણૂક કરવામાં આવી છે. હાલમાં શહેર જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની છ વર્ષથી નિમણૂક ટલ્લે ચડી છે. બે થી ત્રણ વખત ઉમેદવારોની અરજીઓ મંગાવ્યા બાદ ગ્રુહ ખાતામાં આ અરજીઓ ધૂળ ખાય છે. ગ્રુહ ખાતામાં જ કામ કરનાર પોલીસ અને હોમગાર્ડ વચ્ચે રાજ્ય સરકાર ભેદભાવ રાખે છે. પોલીસોને ૫૮ વર્ષે નિવૃત્ત કરી દેવામાં આવે છે. જ્યારે હોમગાર્ડદળના જવાનોને ૫૫ વર્ષે ફરજિયાત સેવા નિવૃત્ત કરી દેવામાં આવે છે. રાજ્યભરમાં તાલીમ વગરના ટ્રાફિક વોર્ડન અને પોલીસ મિત્ર જેવા ગતકડા ઊભા કરી અને પેરા મીલેટરી ફોર્સ ગણાતા હોમગાર્ડ



જવાના ને હાસ્યામાં ધકેલી દેવાયા છે રાજ્યમાં મામકાતાવાદ, લાગવગશાહી, બેફામ ભ્રષ્ટાચાર આચરીને લોકરક્ષક દળ અને પીએસઆઈ ની ભરતી કરવામાં આવે છે રાજ્યના ૫૦૦૦૦ તાલીમ બધ્ધ હોમગાર્ડ દળના સંપૂર્ણ લાયકાત ધરાવતા જવાનો માટે લોકરક્ષક દળ, પીએસઆઈ, સ્ટેટ રિઝર્વ પોલીસમાં અગ્રતા આપવી જોઈએ. હોમગાર્ડ માટે પોલીસદળમાં અનામત બેઠકો રાખવાની માંગ વર્ષોથી પેન્ડિંગ છે

સૌરાષ્ટ્ર કચ્છના હોમગાર્ડ દળના જવાનો ની વ્યથા રજૂ કરતા પૂર્વ હોમગાર્ડ ગજેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે તાલીમ સેન્ટર માટે ફાળવાયેલી શાપર વેરાવળ ની જગ્યામાં ૩૨ વર્ષોથી એક ઈંટ ન મુકાય હોમગાર્ડ દળના જવાનોને સાપર વેરાવળ (તાલુકો કોટડા સાંગાણી) ૨૮૮૦૦ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી હતી. કમનસીબે આ જમીન પરત લેવા માટે તત્કાલીન જિલ્લા કલેકટરે તારીખ ૨૫/૦૭/૨૦૧૧ ના આદેશ કર્યો હતો જેના કારણે ૬૪૩૭ ચોરસ મીટર જમીન ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશનને ફાળવી દેવામાં આવી. બાકી રહેતી જમીનમાં બે વર્ષમાં બાંધકામ કરવાનો આદેશ કરવાનો ઉલાળીયો કરવામાં આવતા હોમગાર્ડના સૌરાષ્ટ્ર કચ્છના જવાનોને વડોદરા જિલ્લાના જરોદ (તાલુકો વાઘોડિયા), મહેસાણા જિલ્લાના સુંઢિયા (તાલુકો વિસનગર), અમદાવાદ જિલ્લાના માધવનગર (તાલુકો સાણંદ) તાલીમ માટે છેક ૪૦૦ કિ.મી. દૂર જવું પડે છે.

# પીઆઈ પાદરીયાએ નોંધાવેલી ફરીયાદ રદ કરવા પોલીસ કમિશનરને રજુઆત

## સરદારધામના ઉપપ્રમુખ સરધારાએ પીઆઈ પાદરીયાથી જોખમ હોવાના આક્ષેપ સાથે માંગ્યુ પોલીસ પ્રોટેકશન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કણકોટ રોડ પર શ્યામ પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગે ગયેલા સરદારધામના સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ જયંતિભાઈ સરધારા અને જુનાગઢના પીઆઈ સંજય પાદરીયા વચ્ચે થયેલ માથાકુટ બાદ આ મામલે પીઆઈ સામે હત્યાની કોશિષની ફરીયાદ જયંતિભાઈ સરધારાએ નોંધાવ્યા બાદ આ મામલે પોલીસે હત્યાની કોશિષની કલમ હટાવતા પીઆઈ પાદરીયા તાલુકા પોલીસ મથકમા હાજર થયા બાદ આજે સરદારધામના જયંતિભાઈ સરધારાએ પીઆઈ પાદરીયાથી જોખમ હોવાનુ જણાવી પોલીસ રક્ષણની માંગ સાથે પોલીસ કમિશનર તેમજ ગૃહ મંત્રી, પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીને રજુઆત કરી યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી હતી. પોલીસ કમિશનર કચેરીએ રજુઆત માટે આવેલા જયંતિભાઈ સરધારાએ મીડિયા સમક્ષ આપેલા નિવેદનમાં પીઆઈ પાદરીયા હજુ પણ તેમના પર હુમલો કરે તેવી દહેશત વ્યક્ત કરી હતી અને પોતાની સામે પીઆઈ પાદરીયાએ કરેલી ફરીયાદ ખોટી હોવાનુ જણાવ્યુ હતુ. સૌરાષ્ટ્ર ઝોનના સરદારધામના ઉપપ્રમુખ જયંતિભાઈ સરધારાએ પોલીસ કમિશનરને રૂબરૂ મળી રજુઆત કર્યા બાદ મીડીયાને જણાવ્યુ કે પીઆઈ પાદરીયા હજુ પણ તેમના ઉપર હુમલો કરે તેવી દહેશત છે. મારી ફરીયાદને નબળી પાડવાનો પેંતરો પીઆઈ પાદરીયાએ રથયો છે. હત્યાની કોશિપની કલમ હટાવવા બાબતે તેમણે નિવેદનમાં જણાવ્યુ કે કોર્ટે આ કલમ હટાવી નથી અને હજુ ભારતીય



ન્યાય સંહિતાની કલમ ૧૦૯ કાયમ રાખી છે. પીઆઈ પાદરીયાને સબંધના દાવે પોલીસ છાવરતી હોવાનો આક્ષેપ કર્યો હતો. સમગ્ર ઘટના બાબતે જયંતિભાઈ સરધારાએ જણાવ્યુ કે ગત તા. ૨૫- ૧૧ ના રોજ મિત્ર સ્વ. રમેશભાઈ ગીરધરભાઈ ખુંટના પુત્રના લગ્ન પ્રસંગે મળેલા પીઆઈ પાદરીયાએ સરદારધામના બહેનો વિશે અભદ્ર ટીપ્પણી કરીને ગાળ બોલી મને ઉશ્કેરયો હતો જેથી મારામારી થઈ હતી. પીઆઈ પાદરીયાએ હથીયાર વડે હુમલો કર્યા અંગેના સવાલનો પ્રત્યુતર આપતા જયંતિભાઈ સરધારાએ જણાવ્યુ કે સીસીટીવી બહુ દુર હોય જેના કારણે હથીયાર કાઢયાનુ ઝાંખુ દેખાય છે. નજરે જોનાર સાક્ષીએ નિવેદન આપ્યુ છે અને જયારે ભોગ બનનાર વ્યકિત જો ખુબ આ મામલે સ્પષ્ટતા પુર્વક જણાવતા હોય તો બીજી શંકાની વાત જ ન હોય. પીઆઈ પાદરીયા ખુબ ઝનુની અને ગુનેગાર હોય જે હજુ પણ મારા પર હુમલો કરી શકે છે તે બાબતે મને પોલીસ રક્ષણ મળવુ જોઈએ.

# ભાયાવદર શહેરમાં રહેણાંક વિસ્તારમાં પ્લોટ સાફ સફાઈ કરાવતા પૂર્વ નગરપાલિકાના પ્રમુખ નયન જીવાણી સાથે રહી નગરપાલિકા દ્વારા સાફ સફાઈ કરવામાં આવી

**મુખ્ય સમાચાર ભાયાવદર**

(વિજય રાડીયા દ્વારા) ભાયાવદર શહેર રોડ રસ્તા ખાડા ગંદકી છેલ્લા ઘણાય સમથી આ બધું ચાલી રહ્યું તંત્રને અનેકવાર રજૂઆત કરવા છતાં કચરા ના ઢગલા ગંદકી નજરે પડી રહ્યું છે ત્યારે રહીસ વિસ્તાર મા આવેલ સાર્વજનિક પ્લોટ તેમજ ખાલી પડેલ પ્લોટ મા ચોમાસા ના કારણે ઉગી નીકળેલ બાવળ બોયડી તેમજ બીન જરૂરી જાળા જાખરી ને કારણે આજુબાજુ ના રહીશો ને પારાવાર મુશ્કેલી નો સામનો કરવો પડતો હોય આ જંગલ જેવી બીન જરૂરી જાળા જાખરી ના કારણે સાપ વીછી જેવા જેરી જાનવરો છાસ વારે મકાન મા આવતા હોય અને આ જંગલ જેવા વિસ્તાર ના કારણે આજુબાજુ ના વિસ્તાર મા જીણી જીવાત નો ઉપદ્રવ ના કારણે જન આરોગ્ય ને પણ અસરકારક હોય આ બાબત ની અનેક વાર રજૂઆત નગરપાલિકા મા કરેલ હોય ત્યારે નગર પાલીકા ના પુર્વ પ્રમુખ નયનભાઈ જીવાણી એ ઉગ્ર આંદોલન ની ચીમકી ઉચારેલ હોય તેના અનુસંધાને આજે નગર પાલીકા દ્વારા આ બધા વિસ્તાર માથી આ અધોચર દુર કરવાની ફરજ પડેલ હોય તે કામ આજે ફલવાડી વિસ્તાર મા થી ચાલુ કરેલ છે શહેર ના દરેક નાગરિક ને જણાવવા નું કે આપણા આજુબાજુ ના કોઈ પણ પ્લોટ મા સફાઈ કરવા ની હોય તો નગર પાલીકા અથવા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નયનભાઈ જીવાણી નો કોન્ટેક્ટ કરવો આપણુ ગામ સ્વચ્છ ગામ આપણો વિસ્તાર સ્વચ્છ વિસ્તાર ચાલો બધા સાથે રહી ને આપણા વિસ્તાર ને સાફ કરીએ



MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રેલનગરમાં સિટી બસના ચાલકને હાર્ટ એટેક આવતા અકસ્માતઃ ચાલક સહિત ૨નાં મોત

## પેસેન્જર ભરેલી ૪૦ નંબરની સિટી બસ રેલનગર મેઈન રોડ પર રાધિકા ડેરી પાસે પહોંચી ત્યારે ચાલકને હૃદય રોગનો હુમલો આવ્યો અને રાહદારી મહિલા, રિક્ષા અને એક્ટિવાને ઠોકરે ચડાવ્યાઃ હાર્ટ એટેકથી બસના ચાલક અને અકસ્માતમાં રાહદારી મહિલાનો જીવ ગયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં દિન-પ્રતિદિન એક બાદ એક અકસ્માત ના બનાવો સામે આવી રહ્યાં છે. ત્યારે ગઈ રાતે રેલનગર વિસ્તારમાં જીવલેણ સાથે વિચિત્ર અકસ્માત સામે આવ્યો હતો. રેલનગર મેઈન રોડ પર ૬૬ વર્ષીય વૃધ્ધ ચાલકને ચાલુ બસે એટેક આવતાં બસ બેકાબૂ બની હતી અને બસે એક રિક્ષા, બે એક્ટિવા તેમજ અન્ય ત્રણ લોકોને ઠોકરે લીધા હતા.

જેમાં બસચાલકનું હાર્ટએટેકથી અને એક રાહદારી મહિલાનું અકસ્માતમાં ગંભીર ઈજા થવાથી ઘટનાસ્થળે જ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. જ્યારે રિક્ષામાં બેઠેલા એક મુસાફર તેમજ અન્ય એક રાહદારી મહિલાને ઈજા થતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતાં. બનાવની અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, ગઈકાલે સાંજે સવા છ વાગ્યા આસપાસ રેલનગર મેઈન રોડ પર સંતોષીનગર તરફથી સીટી બસ નં.૪૦ ના ડ્રાઈવર પરસોતમભાઈ રવજીભાઈ બારીયા (ઉ.વ.૬૬) ખાલી બસ ડેપોમાં મુકવા જતાં હતાં ત્યારે રાધિકા ડેરીથી થોડે દૂર ચાલુ બસે જ તેમને હાર્ટ એટેક આવી જતાં તેઓ સ્ટેરિંગ પર જ ઢળી પડ્યા બાદ તેનું તત્કાળ મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે બસ બેકાબુ બની હતી અને રાહદારી તેમજ વાહનોને અડફેટે લઈ ઓટલા સાથે અથડાઈ હતી. જેમાં એક રીક્ષા હડફેટે આવ્યાં બાદ રિક્ષાની ઠોકરે બે એક્ટિવા ગાડી ચડી ગઈ હતી.

અકસ્માતમાં રેલનગરમાં પાર્થ સ્કૂલ પાસે રહેતાં સંગીતાબેન ગંગારામભાઈ માકડિયા (ઉ.વ.૩૫) નું ગંભીર ઈજા થવાથી ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે રિક્ષામાં મુસાફરી કરતા મુકેશભાઈ તાજસિંગ મંડોડ (ઉ.વ.૩૧), રેલનગરમાં રહેતા મનીષાબેન મનીષભાઈ વર્મા (ઉ.વ.૩૬) ને ઈજા થતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ઘટનાસ્થળે પાર્ક કરેલુ એડવોકેટ બહાદુરસિંહ ગોહિલનું એક્ટિવા પણ ઠોકરે ઠોકરે ચડી ગયું હતુ. જ્યારે સંગીતાબેન પગપાળા રેલનગરમાં ભરાતી ગુરુવારી બજારમાં ખરીદી કરી ઘેર જતા હતા ત્યારે આ ઘટના બની હતી.

બનાવ સમયે સાંજનો સમય હોવાથી મહિલાઓની શાકભાજી સહિતની ચીજ- વસ્તુઓ ખરીદવા મોટા પ્રમાણમાં રેલનગર મેઈન રોડ પર અવરજવર હતી. સદનસીબે વધુ જાનહાનિ થઈ ન હતી. પરંતુ થોડો સમય માટે



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ભાગાભાગી અને અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતાં પ્ર. નગર પોલીસ મથકના પીઆઈ બી.આર.ઝણકાંત અને સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી બનાવ અંગે મૃતકના પરીવારને જાણ કરી હતી.

# રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ જામશે

## વર્તમાન પ્રમુખ બકુલ રાજાણી, પૂર્વ સેક્રેટરી દિલીપ જોષી અને પરેશ મારુ પ્રમુખ પદનો તાજ પહેરવા મેદાને ત્રિપાનિયો જંગ જામવાળા ખેંચાણો વરતાય છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ બાર એસોસિએશનની આગામી તારીખ ૨૦ મી ડિસેમ્બર મોજાનારી ચૂંટણી સંદર્ભે પૂર્વ સેક્રેટરી દિલીપભાઈ જોષીની સામૈયાની તેઠળની કાર્યદક્ષ પેનલે વિજય મુહર્તમાં માદગીપુર્ણ અને મહીયાભમાં માહોલ વચ્ચે ઉમેદાવારી પત્રો રજૂ કર્યા હતા. તેમજ ત્યારબાદ તાલના પ્રમુખ ભકુલભાઈ રાજાણીની આગેવાની તેઠળની એક્ટિલ પેનશના ઉમેદવારોએ ઉમેદવારી પત્રો રજૂ કરવા સાથે ચૂંટણીના માહોલમાં પરમાવો આવ્યો પ્રમુખ પદના ત્રીજા ઉમેદવાર પોકા મારુ તેમની ભ્રમરણ પેનલ આજે ઉમેદવારી નોંધાવશો તેથી હવે જામનગર રોડ, પટેશ્વર પાસે નવા કોર્ટ બિડીંગ ખાતે પ્રથમ વખત પોજાનારી હાલની ૨૦૬૫ના વર્ષના ૬ સીમેદાશે અને ૧૦ કારોબારી સભ્યોની ચૂંટણીમાં ભાજપ સેલનું આડકતર સમર્થન ધરાવતી દિલીપભાઈ એન. જોષીની કાર્યદક્ષ પેનટાના ઉમેદવારીએ શોર વિના સાદગીપૂર્ણ અને ગરિમા ભર્યા માહોલ વચ્ચે ઉમેદવારી નોંધાવી હતી. ગત ચૂંટણીમાં ભાજપ લીગલ ભેલમાં પ્રવર્તતી જૂથબંધી વચ્ચે એડવોકેટ કમલેશ શાહની પેનલ બેઠાનમાં હતી, પરંતુ તેમાં પ્રમુખપણો એક્ટિવ પેનલના બહુલ રાજાણી ચૂંટાયા હતા. પ્રમુખ બકુલ કાજાણીએ પણ ચૂંટણી લડવાના મેસેજ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. દરમિયાન હાલાની ચૂંટણીમાં કાર્યડલ પેનલને લીપલ મેલતો મિનસત્તાવાર ટેકો હોવાનો કોર્ટ લોબીમાં ચર્ચા છે. આજે બપોરે વિજય મુહર્તમાં ભાર એશો. મા ચાર વખત રહી ચૂકેલા સિનિયર એડવોકેટ દિલીપ જોષી પોતે પ્રમુખ પદ માટે જ્યારે ઉપપ્રમુખ મયંક આમ. પંડવા, બેક્રેટરી મંજિષ એમ. વેકરીયા, જોઈન્ટ એકેટલી જીતેના એચ. પારેખ, ટ્રેઝરર સજ્ઞક્ષ જે. જાતી, લાયબ્રેરી સેક્રેટરી કવિ શ્રી. ધ્રુવ, કાલીબારી સભ્યોમાં મહિલા અનામત ઉપર રૂપલબેન બી. થોમ્બર, જનરલ કારોબારી સભ્યોમાં ચિત્રાંક એલ,બાય, મહેયા બેન, પૂર્વેશ, હુસેન એમ હવેજા, અનિલ બી. ડાડા હીન ધી. ડોબરીયા, નીલ વાય. ચૂલ, કિશન એસ. રાજાણી,



અંજય એન. કલાડ, ભાવિક ટી. આંબલીયા વગેરેએ ટનિંગ ખોફિસર્સ (ચૂંટણી અધીકારીઓ) જયેશભાઈ એન. ખેતીત, કેતનભાઈ ડી. શાહ તથા જતીનભાઈ વી. ૪૮.૮૨ સમક્ષ બે રજૂ કર્યા હતા. ત્યારબાદ ભારે બેસો.માં બણ વખત પ્રમુખ તરીકે ચૂંટાયેલા હાથના પ્રમુબ ભકુલ રાજાણીની બેક્ટિલ પેનલમાં પ્રમુખ તરીકે બકુલ રાજાણી ચ્ક્ષ્ટ; નિરવ પંડયા, સેક્રેટરીમાં વિનેશ છાયા, ટ્રેઝરરમાં રાજેશ ચાવડા, મહિલા અનામત લોખરી સમયમાં પૂનમબેન પહેલ તેમજ કારોબારી સભ્યોમાં ધર્મેન્દ્ર ઝરીયા, રમેશ આદ્રોજા, હસમુખ ભાલેટ, ધારેશ જોશી, અનિલ પરછાણા, જીવા સંઘવી, ભાવેશ જેઠવા અને વિરેનદ્રસિંહ ઝાલાબે ચૂંટણી અધિકારીખો સમક્ષ તેમના ઉમેદવારી પત્ર રજૂ કર્યા હતા. આ ઉપરાંત સમરસ પેનલના પ્રમુખ પદના ઉમેદવાર પરેશભાઈ માત્ર અને તેમની પેનલ આજે ઉમેદવારી નોંધાવશે. નામ પાત્રી ભરવાની છેલ્લી તાણીખ ૬/ ૧૨ ખેટલે કે સોમવારે સાંજ સુધીની છે. ૧૦ના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી બાદ પ્રથમ યાદી જાહેર કરતો અને ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની મુદ્દત પૂરી થતાં ઉમેદવારોની અંતિમયાદી જાહેર પ્રચાર કાર્યમાં વધુ ગરમાવો આવશે તેમ મનાય છે.

# કલેક્ટર કચેરીમાં સફાઈ કામદારોનો હંગામો, બે લોકો બેભાન : બે ઉપવાસીને સ્ટેચરમાં લઈ આવ્યા

## હોસ્પિટલ ચોકમાં કાયમી પાર્ટ ટાઈમ સફાઈ કામદારોની ભરતીના નિયમો સામે ચાલતા આંદોલનમાં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાપાલિકામાં કાયમી પાર્ટ ટાઈમ સફાઈ કામદારોની ભરતીના નિયમો સામે હોસ્પિટલ ચોકમાં શરૂ કરવામાં આવેલ ઉપવાસ આંદોલનમાં બે ઉપવાસીઓની તબીયત લથડતા સફાઈ કામદારો સ્ટેચરમાં લઈ કલેક્ટર કચેરીમાં પહોચ્યા હતા. જ્યાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના કર્મચારીઓ સાથે ઉગ્ર બોલાચાલી કરતા હોબાળો મચાવતા બે લોકો બેભાન થયા હતા.આ મામલે પોલીસે ૧૧ કામદારોની અટકાયત કરી છે.

હોસ્પિટલ ચોકમાં ગત સોમવારથી શરૂ કરવામાં આવેલા ઉપવાસ આંદોલન દરમિયાન આજે ચોથા દિવસે અજીતભાઈ ઝાલા અને સોનલબેન પરમારની તબીયત લથડી હતી. આથી સાથી ઉપવાસી કર્મચારીઓ દ્વારા બન્ને ઉપવાસીઓને લઈ કલેક્ટર કચેરીએ લાવવામાં આવ્યા હતા. જ્યાં કોઈએ ૧૦૮ને જાણ કરતા સ્ટાફ આવી બન્ને ઉપવાસીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. આ બાબતે કામદારો અને ૧૦૮ના કર્મચારીઓ વચ્ચે ઉગ્ર બોલચાલી કરતા બે લોકો બેભાન થઈ ગયા હતા.

આ સમયે જ અન્ય એક રેલી કલેક્ટર કચેરીએ આવી હોવાથી હંગામો મચાવતા ૧૧ કામદારોની પોલીસે અટકાયત કરી હતી. દરમિયાન રાજકોટ કામદાર યુનિયન દ્વારા અધિક કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી કે, કાયમી પાર્ટ ટાઈમ સફાઈ કામદારોની ભરતીમાં માતા- પિતા,



દાદા-દાદીના નિયમો રદ કરવા, સરકારના નિયમ મુજબ પાંચ વર્ષ માટે ફિક્સ પગારથી ભરતી કરવી, બોગસ મેડિકલ સર્ટીફિકેટ કૌભાંડમાં પોલીસ ફરિયાદ કરવી, કોન્ટ્રાક્ટમાંકામ કરતા કામદારોને લઘુતમ વેતન ચૂકવાતુ ન હોય તફાવતની રકમ ચૂકવવી સહિતના મુદ્દે યોગ્ય કરવા માંગણી કરી હતી.

# સામાકાંઠાના નામચીન બુટલેગર ફરી લખણ ઝળકાવ્યાઃ ત્રણ ભાઈ ઉપર હુમલો

## બીજાના ઝઘડામાં જેલમાં ગયા બાદ ઘર ખર્ચના રૂપિયાની ઉઘરાણીમાં સાગ્રીતો સાથે ઘરે ઘસી જઈ ધમાલ મચાવીઃ પોલીસ તપાસનો ધમધમાટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં સામાકાંઠે નામચીન શખ્સે ફરી પોતાના લખણ ઝળકાવ્યા હતા અને લાલપરી મફતીયાપરા પાસે રહેતા પરિવારના ઘરે મોડી રાત્રે દરવાજા ખખડાવી બહાર બોલાવી સગા ત્રણ ભાઈઓ પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ બી ડિવીઝન પોલીસમાં નોંધાઈ છે. આ મામલે આરોપી અગાઉ જેલમાં હતો ત્યારે જે ખર્ચ થયો તેનો ખર્ચ ફરીયાદી પરીવાર પાસે માંગી માર માર્યો હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ કરાયો હતો. તેમજ નામચીન શખ્સે રાત્રીના સમયે જાણે તેમને પોલીસનો કોઈ ડર ન હોય તેમ સ્કોર્પીયોમાં તેમના સાગ્રીતો સાથે ફરીયાદીના ઘરે ઘસી ગયો હતો અને રીતસરનો આતંક મચાવ્યો હતો. બનાવની વધુ વિગતો મુજબ આજીડેમ ચોકડી પાસે આવેલા માંડાડુંગર નજીક શિવમ સોસાયટી, હિંગળાજ પાનવાળી શેરીમાં રહેતા હિરેનભાઈ મહેશભાઈ ગળચર નામના યુવાને નામચીન શખ્સ પ્રતિક દિલીપ ચંદારાણા અને તેમની સાથેના અજાણ્યા શખ્સો વિરૂધ્ધ બી ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. આ મામલે તપાસ કરી રહેલા હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ જોગડા અને સ્ટાફે આરોપીને પકડવા તજવીજ શરૂ કરી છે.

હિરેનભાઈએ ફરીયાદમાં જણાવ્યુ હતુ કે પોતાના વિસ્તારમાં રહેતો નામચીન પ્રતિક દિલીપ ચંદારાણા વિરુધ્ધ સાતેક મહીના પહેલા નરેશભાઈ ભાલીયા એ પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી.આ ગુનામાં પ્રતિક ચંદારાણા ત્રણેક મહીના સુધી જેલમાં ગયો હતો અને જેલમાંથી છુટી આવતા આ પ્રતિકને જેલમાં જવુ પડયુ હોય જેથી આ બાબતનો ખાર રાખી



આરોપી:- પ્રતિક ચંદારાણા





ફરીયાદી હિરેનભાઈને અગાઉના ફરીયાદી નરેશભાઈ સાથે કોઈ સબંધ ન હોય આમ છતા પ્રતિક ચંદારાણા હિરેનભાઈના ઘરે પહોંચ્યો હતો અને જેલમાં થયેલો ખર્ચો અને ઘર ખર્ચના પૈસાની ગેરકાયદેસર માંગણી કરી અને ન આપો તો હેરાન કરી મુકીશ તેમ કહી ફરીયાદી હિરેન સાથે ઝપાઝપી કરી હતી અને માતાને મુંઢ ઈજા પહોંચી હતી. ત્યારબાદ ડરી ગયેલો હિરેનભાઈનો પરિવાર લાલપરી મફતીયાપરા પાસે રહેતા તેમના દાદાના ઘરે રહેવા ચાલ્યો ગયો હતો.

ત્યા ગઈકાલે મોડી રાત્રે પ્રતિક ચંદારાણા પહોંચ્યો હતો અને તેમણે દરવાજો ખખડાવતા હિરેનભાઈના માતાએ દરવાજો ખોલ્યો હતો અને ત્યા બહાર બોલેરોમાં ૩ અજાણ્યા શખ્સો સાથે આવેલા પ્રતિકે બોલેરોમાંથી હોકી કાઢી ફરી પૈસાની ઉઘરાણી કરી હતી અને ત્યારે હિરેનભાઈના માતા અલ્પાબેને કહ્યુ કે વગર કારણ રૂપિયા અમે શું કામ આપીએ. જેથી પ્રતિક ઉશ્કેરાયો હતો અને ગાળો બોલી તમને શાંતિથી નહીં જીવવા દઉ. તેમ કહી ત્રણેય પુત્રોને મારી નાખીશ તેવી ધમકી આપી હતી અને ત્રણેય ભાઈઓ તેમજ માતા અલ્પાબેન પર હુમલો કર્યો હતો. જેથી તેઓને સારવાર માટે હોસ્પિટલે લઈ જવાયા હતા. આ મામલે આરોપી પ્રતિક ચંદારાણા અને તેમના સાગ્રીતો વિરૂધ્ધ પોલીસે ફરીયાદ નોંધી ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.

# રાજકોટના શખ્સ દ્વારા આચરાયું કોપરના બોગસ બિલીંગ ૧૮૬ કરોડનું કૌભાંડ

## રૂ.૩૪ કરોડથી વધુની વેરાશાખ મેળવી સરકારને માર્યો ધુંબો

રાજ્યમાં કોપરના વ્યવસાય સાથે સંકળાયેલ કંપનીઓ પર એસજીએસટીએ દરોડા પાડ્યા છે. સુરત, રાજકોટ, ભરૂચ, વાપી, જુનાગઢ અને ભાવનગરમાં દરોડા પાડયા હતા. આ દરોડા દરમિયાન ૧૮૬ કરોડથી વધુનું જીએસટી કૌભાંડ થયું હોવાનું સામે આવ્યું છે. ગુજરાતમાં કોપરના વ્યવસાય સાથે સંકળાયેલ કંપનીઓ પર એસજીએસટીએ દરોડા પાડીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જેમાં સુરત, રાજકોટ, ભરૂચ, વાપી, ભાવનગર અને જુનાગઢમાં પણ દરોડા પાડ્યા છે. કોપર કંપનીઓ પર એસજીએસટીના દરોડા દરમિયાન ૧૮૬ કરોડથી વધુનું જીએસટી કૌભાંડ સામે આવ્યું છે. આરોપીઓએ બોગસ ખરીદીઓને આધારે ૩૪ કરોડથી વધુની ખોટી વેરાશાખ મેળવી હતી. કોપરના વ્યવસાય સાથે સંડોવાયેલા રાજકોટના પ્રશ્નેશ મનહરભાઈ કંતારીયાની ધરપકડ કરવામાં આવી છે. હાલ ફોર્ચ્યુન કોપર ઈન્ડસ્ટ્રીઝ પર સર્ચ ચાલી રહ્યું હતું કોપરના વ્યવસાય સાથે સંકળાયેલ કંપનીઓએ બોગસ ખરીદી કરી સરકારને ૩૪ કરોડનો ચૂનો ચોપડ્યો છે. ૩૪ કરોડથી વધુની ખોટી વેરશાખ મેળવી હતી. સમગ્ર મામલે રાજકોટના પ્રશ્નેશ કંતારીયાની ધરપકડ કરવામાં આવી છે. છેલ્લા ૧૫ દિવસથી ઈન્ફિનિટી બેઝિમ સહિતની ૧૪ કંપનીઓ પર સર્ચ ચાલી રહ્યું છે. સર્ચના અંતે કરચોરી સામે આવતા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પટેલનગરમાં પુત્રના અવસાનના વિયોગમાં કારખાનેદાર પિતાનો આપઘાત

શહેરમાં કોઠારિયા રોડ પર આનંદનગર કોલોનીમાં રહેતા વૃદ્ધે તેના પટેલનગરમાં કારખાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેના પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. બનાવને પગલે ભક્તિનગર પોલીસે તપાસ કરતા વૃદ્ધે તેના એકના એક પુત્રનું અવસાન થયું હોય તેના વિયોગમાં આ પગલું ભરી લીધાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. આનંદનગર કોલોનીમાં રહેતા અને ૮૦ ફટ રોડ પર પટેલનગરમાં કારખાનું ચલાવતા હસમુખભાઈ કાંતિભાઈ અંબાસણા (ઉ.૬૧) એ તેના કારખાનામાં છતના હૂકમાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવને પગલે ગ્રાહક કારખાને આવતા હસમુખભાઈને લટકતી હાલતમાં જોઈ અન્ય લોકો એકઠા થઈ ગયા હતા અને જાણ કરતા તેના નાનાભાઈ દોડી આવ્યા હતા તેમજ ૧૦૮ની ટીમે પહોંચી મૃત જાહેર કરતા ભક્તિનગર પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવ અંગે જમાદાર પ્રશાંતસિંહ સહિતના સ્ટાફે તપાસ કરતા કારખાનેદાર હસમુખભાઈને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જેમાં એકના એક પુત્રનું ચારેક વર્ષ પહેલાં અવસાન થયા બાદ તે ગુમસુમ રહેતા હોય અને આ પગલું ભરી લીધાનું બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# રૂ.૨૬ લાખના ૩૫ લાખ ચૂકવી દીધા છતાં વ્યાજખોરે ધમકી આપી

શહેરમાં યુનિવર્સિટી રોડ પર રવિરત્ન પાર્કમાં રહેતા વેપારીએ વ્યાજના ૨૬ લાખના ૩૫ લાખ ચૂકવી દીધા છતાં વ્યાજખોર શખ્સ પઠાણી ઉઘરાણી કરતો હોય વેપારીએ ફરિયાદ કરતાં યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રવિરત્ન પાર્કમાં રહેતા હરેશભાઈ અમૃતલાલ મારડિયા (ઉ.૪૯) એ ફરિયાદ કરી હતી. જેમાં આરોપી તરીકે મોટામવામાં સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે શિવ હાઉસમાં ઓફિસ રાખી વેપાર કરતો અમિત રમેશભાઈ ભાણવડિયાનું નામ આપ્યું હતું. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેને અગાઉ પૈસાની જરૂર હોય તેને અમિત ભાણવડિયા પાસેથી રૂ.૨૬ લાખ ત્રણ ટકાના વ્યાજે લીધા હતા. અમિત અગાઉ હત્યા કેસમાં પણ પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. દરમિયાન સિક્યુરિટી પેટે રાજકોટ કો-ઓપરેટિવ બેંકનો કોરો ચેક આપ્યો હતો. તેમજ તેને કટકે કટકે છ લાખ, એક લાખ એમ પૈસા ચૂકવ્યા હતા. ત્યાર બાદ એક સાથે પૈસા આવતા ન હોય ડેઈલીની ડાયરી કરાવી કટકે કટકે ૮૮ હજાર સહિત કુલ રૂ.૩૫ લાખ ચૂકવી દીધા હોય છતાં વધુ પૈસાની માગણી કરી ધમકી આપતો હતો તેમજ અમિતે આવી મારકૂટ કરી મારી નાખવાની ધમકી આપી પઠાણી ઉઘરાણી કર્યાનું જણાવતા યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધ્યો છે.

# રાજકોટના વેપારી પાસેથી ઓઈલ નો જથ્થો મંગાવી મહારાષ્ટ્રના ત્રણ વેપારીઓએ કરી રૂપિયા ૨૨ લાખની ઠગાઈ

શહેરના પેલેસ રોડ પર વર્ધમાન નગર માં રહેતા અને રૂડા ટ્રાન્સપોર્ટ નગર નવાગામ આણંદ પર માં ઓઈલ ની પેઢી ધરાવતા હિરેનભાઈ રામજીભાઈ પટેલ નામના વેપારીએ મહારાષ્ટ્ર નાગપુરના ભાવુરાવ ગાંવડે તથા સ્પર્શ ગવાંદે અને ગાંધીધામ કચ્છના ચિરાગ હર્ષદ શાહ સહિત ત્રણ શખ્સો સામે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે ઉપરોક્ત ત્રણેય વેપારીઓએ તેની પાસેથી ધંધાકીય વિશ્વાસ કેળવી રૂપિયા ૨૪ પણ ૪૭ લાખ નો માલ ટ્રાન્સપોર્ટ મારફતે મંગાવ્યો હતો જેમાંથી પાટલી પેમેન્ટ આરટીજીએસ કર્યા બાદ ૨૨ લાખની રકમ બાકી રહેતી હોય જે પેમેન્ટની વેપારીએ ઉઘરાણી કરતા આ ત્રણેય આરોપીઓએ અવારને અવાર ખોટા વાયદા કરી એકબીજાને મદદગારી કરી નાણાં નહીં આપી ખેતરપિંડી કરતા પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી મહારાષ્ટ્ર અને કચ્છ ગાંધીધામ ના ત્રણ વેપારીઓ ની શોધ કોડ શરૂ કરી છે

# PDM રેલવે ફાટક તા.૯થી ૧૧ સુધી વાહન વ્યવહાર માટે બંધ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોંડલ રોડ પર આવેલા માલવીયા કોલેજ નજીક પીડીએમ ફાટક આગામી તા.૯થી ૧૧ ડિસેમ્બર દરમ્યાન બંધ રાખવામાં આવશે. ડામરની જગ્યાએ રબર પ્લેટ નાખવાની કામગીરીના કારણે રેલવે દ્વારા સુચના જારી કરાઈ છે. ત્રણ દિવસ ફાટક બંધ રહેતા રૂટ ડાયવર્ટ કરાયા છે. ત્રણ દિવસ દૈનિક ૧૫ હજારથી વધુ વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડશે.

શહેરના ગોંડલ રોડ ઉપર આવેલા પીડીએમ રેલ્વે ક્રોસિંગ પાસે આગામી તારીખ ૯ થી ૧૧ ડિસેમ્બર દરમિયાન ફાટક બંધ રહેવાની હોવાની સુચના આપતા બેનર લગાવવામાં આવ્યા છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, ફાટક નંબર ૧૧ ( પી. ડી. માલવિયા ફાટક) રેલવે ટ્રેક મેન્ટેનન્સ કાર્ય હેતુ તારીખ ૯ થી ૧૧ ડિસેમ્બર સુધી બંધ રહેશે. આ દરમિયાન વાહન વ્યવહારની સગવડ માટે ફાટક નંબર ૧૨ (અટિકા ફાટક) અને આર. ઓ. બી. નંબર ૧૦



(વિવેકાનંદ ઓવરબ્રિજ) નો ઉપયોગ કરી શકાય.

રેલવે ફાટક પાસે ડામર નાખ્યો હોવાથી ત્યાથી પસાર થતી ટ્રેનમાં મુસાફરોને થડકા આવે છે. ઉપરાંત ડામર નીકળી જાય તો મુશ્કેલી ઊભી થાય છે તેવામાં હવે દરેક રેલવે ફાટક પાસે ડામરના સ્થાને રબર પ્લેટ નાખવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ૬ઉખ ફાટક પાસે રબર પ્લેટ નાખવાની કામગીરી કરવામાં આવશે. જે કામગીરીના ભાગરૂપે જ ત્રણ દિવસ સુધી આ રેલવે ફાટક બંધ રહેશે જેથી ત્યાંથી આ સમય દરમિયાન વાહન ચાલકો પસાર નહીં થઈ શકે.

# ગાંધીગ્રામની ત્યક્તા પર પુર્વ જીઆરડીએ આચર્યું દુષ્કર્મ

## ત્યકતાએ જ વિસ્તારમાં રહે છે. તેના સંબંધ તોડી નાખતા નગ્ન વીડિયો વાઈરલ કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારના નાણાવટી ચોક પાસે રહેતી એક ત્યકતા ઉપર એસઓજીના પુર્વ જીઆરડી જુલાને એસઓજીના નામે તેને ફસાવી હોટલ અને તેના ઘરે દુષ્કર્મ ગુજારી તેના સાથે લગ્નની લાલચ આપી દોઢ વર્ષ સુધી તેની સાથે સંબંધ બાંધ્યો હતો. મહીલાએ સંબંધ તોડી નાખતા તેના નગ્ન વીડીયો વાયરલ કરી દીધા હતા. સમગ્ર મામલે પોલીસ ફરીયાદ નોંધાતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી જીઆરડીના પુર્વ જવાનની શોધખોળ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ ૩૫ વર્ષીય વણિક મહીલાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તે હાલ તેની પુત્રી સાથે ગાંધીગ્રામ પતિ આફ્રિકા રહે છે. તેની સાથે મનમેળ નહીં આવતા પટાછેડા લીધા હોય હાલ પુત્રી સાથે રહેતી આ ૩૫ વર્ષીય મહીલાએ નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે આશિપ રાવલનુ નામ આપ્યુ છે.

મહીલાના ઘરે તેની એક સહેલી આવી હતી. જેની સાથે છેતરપીંડી થઈ હોય અને આશિપ રાવલે છેતરપીં ડી કર્યાનુ જણાવી આશિપની પત્નીના નંબર આપ્યા હોય જેની સાથે ભોગ બનનાર મહિલાએ વાતચીત કરી હોય તેથી આશિષે તેની પત્નીના મોબાઈલમાંથી મહીલાના નંબર લઈ વાતચીત કરી હતી અને પોતે એસઓજીમાં ફરજ બજાવતો હોવાની ઓળખ આપી હતી. જે બાદ બંને વચ્ચે પરિચય થયો હતો. આશિષે મહીલાને પોતે પત્ની સાથે છુટાછેડા લઈ લીધેલ છે અને તેની સાથે લગ્ન કરશે તેવી લાલચ આપી હતી અને ત્યારબાદ આશિપે ત્યકતા ઘરે અને હોટલમાં તેની સાથે દુષ્કર્મ ગુજાર્યું હતુ. મહિલાને આશિષ રાવલ તેની પત્ની સાથે રહેતો હોવાનુ જાણવા મળતા અને આશિપનું ચારિત્ર્ય શંકાસીલ લાગતા લગ્ન કરવાની ના પાડી દેતા આશિષે મહીલાના ઘરે જઈને માથાકુટ કરી હતી અને મહીલાના નગ્ન ફોટા તેના પિતાના મોકલી વાયરલ કર્યા હતા. તેમજ લીમડા ચોક પાસે પણ મહીલાને જાહેરમાં માર મારવામાં આવ્યો હતો. આ બાબતે અંતે મહીલાએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા આશિષ રાવલ સામે ગુનો નોંધાયો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ આશિપ રાવલ અગાઉ એસઓજીમાં જીઆરડી તરીકે ફરજ બજાવતો હતો અને ત્યારબાદ તેની હેડ કવાર્ટરમાં બદલી થઈ હોય હેડ કવાર્ટરના એમટી વિભાગમાં પોલીસ કોન્સ્ટેબલ સાથે માથાકુટ કરતા તેમને હાલ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.